આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૭
સળંગ અંક : ૧૦૦૭
ઓક્ટોબર - ૨૦૨૪





**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં પૂજ્ય મુરબ્બી શ્રી જશીબેનની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમને હૃદયથી ભાવાંજલિ અર્પણ કરવામાં આવી.**

















# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૭ ઓક્ટોબર-૨૦૨૪


| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

-: ઘરશાળા કાર્યાલય સરનામું :-


સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


શિક્ષણ વિશેના ડૉ. બી. આર. આંબેડકરના વિચારો... /૪

સંપાદકીય - પ્રજાકીય પ્રશ્નોમાં ન્યાયતંત્રની સક્રિયતા — જ્યોતીન્દ્રભાઈ દવે/૫

સૂત્રો અને ઉખાણાં-મિલેટ્સ — પાલખીવાલા અમિતાબેન/૭

એક શિક્ષકનું જીવન-સંગીત (ગુણવંતભાઈ શાહ) — ઈશ્વર પરમાર/૧૦

એક જ માનાં બાળકો વચ્ચે બચપણમાં દેખાતી ઈર્ષ્યાવૃત્તિ — જશીબેન નાયક/૧૬

યુવાનો ગાંધીજીના પ્રેમમાં પડશે — ગુણવંત શાહ/૧૯

ગાંધીજીનું શિક્ષણદર્શન — મનસુખ સલ્લા/૨૨

ગાંધીજી ગુજરાતી ભાષા માટે બહુ સભાન હતા — અજય મો. નાયક/૨૭

બાપુજી : ખાદીમાં લપેટાયેલું અનોખું વ્યક્તિત્વ — મહેબૂબ દેસાઈ/૨૯

પોતાને વિશે વલ્લભભાઈ — સંપાદક : અંબેલાલ ગોપાળજી દેસાઈ/૩૨

તમારે હીરો બનવું છે? — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા/૩૮

રઘુભાઈની ન્યાયસભા — અશોક સોમપુરા/૪૦

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા/૪૧



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બૅંકનું નામ :- બૅંક ઑફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

## *શિક્ષણ વિશેના ડૉ. બી. આર. આંબેડકરના વિચારો...*

ડૉ. બી. આર. આંબેડકર શિક્ષણના વિવિધ પ્રકાર અને તેના સ્વરૂપનો સ્વીકાર કરતા હતા. તેઓ માનતા કે ઔપચારિક શિક્ષણ વ્યક્તિનું કલ્યાણ નહિ કરી શકે. ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારના શિક્ષણથી વ્યક્તિનો સર્વાંગી વિકાસ થશે. શિક્ષણનો પ્રમુખ ઉદ્દેશ જનજાગૃતિ છે. જે શિક્ષણના સિદ્ધાંતો અને વ્યવહારિક જ્ઞાનથી થાય છે. તેને જ ડૉ. આંબેડકર સર્વોચ્ચ જ્ઞાન માને છે. શિક્ષણના પ્રમુખ ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

૧. **જાગૃતિ કે ચેતનાનો વિકાસ :** શિક્ષણથી માનવી તેના આંતરિક અને બાહ્ય સ્વરૂપને ઓળખતો થાય તેવી જાગૃતિ વ્યક્તિમાં આવવી જોઈએ. બાળક તેની આંતરિક ક્ષમતાઓ જાણીને સ્વતંત્ર રીતે તેનો વિકાસ કરે તે રીતની અનુકૂળતા શિક્ષકે અને સંસ્થાએ કરવી જોઈએ.

૨. બાળકમાં સમાનતાના દૃષ્ટિકોણનો વિકાસ થવો જોઈએ. શિક્ષિત થયા પછી પણ ધર્મ, જાતિ, રંગ, ભાષા જેવા ભેદભાવ વ્યક્તિમાંથી મટી જવા જોઈએ.

૩. **સ્વતંત્રતાની ભાવનાનો વિકાસ :** બાળકોને તેમની રસ-રૂચિ પ્રમાણે વિકસિત થવાની સ્વતંત્રતા મળવી જોઈએ. કારણ કે શિક્ષિત વ્યક્તિ સાર્થક અને ઉપયોગી વિચારો, સ્વતંત્રતાની ભાવના વિકસિત થઈ હશે તો જ રજૂ કરી શકશે.

૪. **વિશ્વ બંધુત્વની ભાવનાનો વિકાસ :** આજે આખું વિશ્વ એકબીજા સાથે જોડાઈ ગયું છે. ત્યારે શિક્ષિત વ્યક્તિ પાસે એ અપેક્ષા છે કે તેનો વ્યવહાર અન્યને લાભદાયી હોય તેવો હોવો જોઈએ. વિશ્વ વિદ્યાલયમાં જ આ કેળવણી અપાવી જોઈએ.

૫. **સામાજિક ન્યાયની ભાવનાનો વિકાસ :** શિક્ષણ એ પ્રકારનું હોવું જોઈએ કે વ્યક્તિ ન તો અન્યને અન્યાય કરે કે ન અન્યાય સહન પણ કરે. અન્યાયનો વિરોધ કરવાની શક્તિ અને વૃત્તિનો વિકાસ થવો જોઈએ. ભૌતિક કે નૈસર્ગિક સંપત્તિ પર બધાં જ જીવોનો અધિકાર છે.


૬. **આંદોલન શક્તિનો વિકાસ :** માનવજાત કે વન્ય સૃષ્ટિને થતા અન્યાયનો વિરોધ કરવાની શક્તિનો વિકાસ બાલ્યાવસ્થાથી જ કરવો જોઈએ. પર્યાવરણ, મહિલાઓ કે શોષિતોના શોષણ વિરુદ્ધ આંદોલન કરવાની શક્તિનો વિકાસ થવો જોઈએ.

૭. **સંગઠન શક્તિનો વિકાસ :** બંધુતાની ભાવનાનો વિકાસ કરવાથી સંગઠનની શક્તિનો વિકાસ થશે. નેતૃત્વ અને સહઅસ્તિત્વથી શાણા સમાજનું નિર્માણ કરી શકાશે.

૮. **માનવતાનો વિકાસ :** પ્રાથમિક શિક્ષણથી જ માનવઅધિકારની સમજ બાળકને આપવી જોઈએ. તેનામાં માનવીય ગુણોનો વિકાસ થાય અને માનવીય મૂલ્યોનું સંવર્ધન થાય તે પ્રકારનું નાગરિક શિક્ષણ આપણી શિક્ષણ સંસ્થાઓમાં અપાવું જોઈએ.

**સાભાર - અભિદૃષ્ટિ : ૨૦૨૪**

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

## પ્રજાકીય પ્રશ્નોમાં ન્યાયતંત્રની સક્રિયતા

થોડા સમયથી આપણું ન્યાયતંત્ર પ્રજાના પ્રશ્નોને વાચા આપવા અને વહીવટીતંત્રને જાગૃત કરવાનું કામ સક્રિય રીતે કરે છે. ન્યાયતંત્રનું મુખ્ય કામ તો કાયદાનું અર્થઘટન કરી ન્યાય આપવાનું છે. કાયદાના પરિપ્રેક્ષ્યમાં રહી પક્ષકારોના સત્યને ઉજાગર કરવાનું છે. આપણાં દેશમાં ન્યાયતંત્ર સ્વતંત્ર છે. સરકાર અને નાગરિકોના હિતોનું રક્ષણ કરવાનું કામ ન્યાયતંત્રનું છે. પ્રજાના બંધારણીય હક્કોની જાળવણી કરવાનું કાર્ય ન્યાયતંત્ર કરે છે.

ન્યાયતંત્ર માટે એવું પણ કહેવામાં આવે છે કે ન્યાય આંધળો છે. એટલે કે ન્યાય આપવામાં અંગત વિચારસરણી/ માન્યતા/લાગણીઓ/સંવેદનશીલતાને ધ્યાનમાં રાખી ન્યાય આપવો.

અંતે તો ન્યાયાધીશ પણ એક માનવ છે. તેને પણ માનવ સહજ લાગણીઓ/વિચારો/આર્થિક સામાજિક ફિલોસોફી/સંવેદનાઓ અને આક્રોશ વગેરે રહે તે સ્વાભાવિક છે. પરિણામ પ્રજાકીય પ્રશ્નોની બાબતમાં ન્યાય ક્યારેક મર્યાદાનું ઉલ્લંઘન કરી, જાહેર હિતને ધ્યાનમાં રાખી સક્રિય બને છે. જેને આપણે Judiciary Activism તરીકે ઓળખીએ છીએ.

પ્રજાની તકલીફો તરફ ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને વહીવટી અધિકારીઓ જ્યારે સંવેદનહિન થાય છે ત્યારે જ કોર્ટ પાસે જાહેર હિતની અરજીમાં વધારો થાય છે. અને આ PIL (Public Interest Litigation) એ Judiciary activismની ગંગોત્રી છે. લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં આ પરિસ્થિતિ કેટલે અંશે વાજબી છે તે ચર્ચાનો વિષય છે. પણ એક વાત ચોક્કસ છે. કવિ કલાપીના શબ્દોમાં, ‘‘રસહિન ધરા થઈ છે દયાહીન થયો નૃપ, નહીં તો આવું ન બને, બોલી માતા ફરી રડી.’’

આ PIL એ પ્રજાનું રૂદન છે. કોઈ ઉપાય ન હોય ત્યારે ન્યાયતંત્રનો દરવાજો ખટખટાવવો પડે તેવી ક્ષોભયુક્ત પરિસ્થિતિ લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં છે. ન્યાયાધીશની ફરજ બને છે કે કાયદાની મર્યાદાઓથી ઉપર ઊઠીને વહીવટીતંત્રને પ્રજાહિતમાં દિશા નિર્દેશન આપવું.

આટલી પૂર્વ ભૂમિકા પછી હાલની પરિસ્થિતિ વિશે આ સંબંધે કેટલીક ચર્ચા કરીશું. આ સંદર્ભે છેલ્લા એકાદ વર્ષથી કેટલીક જાહેર હિતની બાબતમાં ગુજરાત હાઈકોર્ટ સક્રિય થઈ છે. ગુજરાતનો પહેલો પ્રશ્ન ઔદ્યોગિક પોલ્યુશનનો છે. ગુજરાતની ઔદ્યોગિક વસાહતોમાં કેમિકલ અને દવા-ઉદ્યોગોનો ફાળો મોટો છે. આ બન્ને ઉદ્યોગો દ્વારા ગુજરાતના પાણી અને હવાના પ્રદૂષણો વધ્યા છે. આ અંગેના કાયદાઓ પણ છે. ગુજરાત પોલ્યુશન બોર્ડ પાસે

નિયંત્રણ માટેની પર્યાપ્ત સત્તા પણ છે. પણ કમનસીબે ગુજરાત પોલ્યુશન બોર્ડની નિષ્ક્રિયતાને કારણે ગુજરાતની નદીઓ, તળાવો અને શહેરનું વાતાવરણ પ્રદૂષિત થાય છે. જે જાહેર આરોગ્ય માટે હાનિકારક છે. છેલ્લા વર્ષોમાં આ અંગેની જાહેર હિતની અનેક અરજીઓ હાઈકોર્ટ સમક્ષ આવી છે. અને તે અંગેના જરૂરી ઓર્ડર અને માર્ગદર્શિકા પણ હાઈકોર્ટે આપી છે અને તેમ છતાં આ બાબતમાં વહીવટીતંત્રએ ગંભીરતાથી નોંધ લીધી નથી. પરિણામે ભૂતળના પાણી પણ પ્રદૂષિત થયા છે. નદીઓએ એની પવિત્રતા ગુમાવી છે. અમદાવાદ, વડોદરા અને સૂરત જેવા શહેરો હવાથી પ્રદૂષિત થયા છે. પ્રજામાં પાણીજન્ય રોગો વધ્યા છે. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઈ હાઈકોર્ટે ઉચ્ચ અધિકારીઓ સામે કડક ભાષામાં આદેશો પણ આપ્યા છે. આ ન્યાયતંત્રની સક્રિયતાનું ઉદાહરણ છે.

આવી અન્ય બાબતો જેવી કે, ટ્રાફિક-કંટ્રોલ, રસ્તાઓની બિસ્માર હાલત, રખડતા ઢોરોના પ્રશ્નો, જાહેર જગ્યા ઉપર ગેરકાદેસર દબાણો, આરટીઓ અને રેવન્યૂ ડિપાર્ટમેન્ટમાં ભ્રષ્ટાચાર અને જાહેર જનતાની કનડગત સામે પણ ગુજરાત હાઈકોર્ટે વારંવાર લાલ આંખ કરી છે.

ખરેખર આ કામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજ્યના વહીવટીતંત્રનું છે. રાજ્ય વ્યવસ્થાની આ બન્ને પાંખો નિષ્ક્રિય અથવા તો સંવેદનહિન બની છે. તેના કારણે ન્યાયતંત્રને તેની મર્યાદા બહાર જઈ દખલ કરવી પડી છે. જે સમગ્ર રાજ્ય વ્યવસ્થા માટે અને પ્રજાતંત્ર માટે ગંભીર બાબત છે. આપણે સૌ ન્યાયતંત્રની આ સક્રિયતાને ધન્યવાદ આપીએ.

❀ ❀ ❀

કોઈ માણસને એક વિષયમાં નિષ્ણાત બનાવવો એ પૂરતું નથી. તેથી તે એક ઉપયોગી યંત્ર બને, પણ તે સર્વાંગી વ્યક્તિત્વ પ્રાપ્ત નહિ કરી શકે. એ માટે તો વિદ્યાર્થીએ મૂલ્યો માટે સાચી સમજ અને જીવંત ઊર્મિ કેળવવી ખાસ જરૂરી છે.

નવી ઊગતી પેઢીને શિક્ષણ આપવાનું કામ જેઓ કરે છે, તેમની સાથેના વ્યક્તિગત સંપર્ક દ્વારા જ આ કિંમતી વસ્તુઓ આપી શકાય છે, પાઠ્યપુસ્તકો દ્વારા નહિ!

હરિફાઈની પદ્ધતિ અને તરત જ ઉપયુક્ત બની શકે એવા હેતુવાળા અપરિપક્વ નિષ્ણાતીકરણ પર અજુગતો ભાર મૂકવાથી તો જેના પર સાંસ્કૃતિક જીવનનો આધાર છે તેના જ આત્માનો નાશ થાય છે.

જીવંત કેળવણી માટે એ જરૂરી છે કે નવા ઊગતા માનવમાં સ્વતંત્ર વિવેકશક્તિનો વિકાસ થાય. આજે તો તેના પર ઘણો જ અને ઘણા વિષયોનો ભાર નાખી, આ મૂળભૂત વિકાસનો જ ભોગ આપવામાં આવે છે. શિક્ષણ તો એવું હોવું જોઈએ કે તેને જે કંઈ આપવામાં આવે, તે એક મૂલ્યવાન બક્ષિસ લાગે, નહિ કે કડવી ફરજ.

❀ ❀ ❀

- આઈનસ્ટાઈન

# સૂત્રો અને ઉખાણાં-મિલેટ્સ

**- અમિતાબેન પાલખીવાલા**

''મિલેટ્સ''ની ઉજવણીના ભાગ સ્વરૂપે ઘરશાળામાં ''ઉપયોગી ધાન - અનાજ''-ની ઉપયોગિતાને ઉજાગર કરતી મિલેટ્સની શ્રેણી શરૂ કરવામાં આવી હતી. આ શ્રેણીમાં તમામ પ્રકારના ધાન્યની જ સંપૂર્ણ વિગતો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ શ્રેણીનું અમે આ અંકમાં સમાપન કરીએ છીએ. અમને આશા છે કે અમારા વાચકો આ અનાજની ઉપયોગિતા સમજીને તેનો વપરાશમાં ઉપયોગ કરશે.

''મિલેટ્સ''ની આ શ્રેણીના અમને ખૂબ સારા પ્રતિભાવો મળ્યા છે. એ માટે અમે વાચકોનો આભાર માનીએ છીએ.

**- તંત્રીઓ**

## મિલેટ્સ - બરછટ અનાજ

### સૂત્રો

(૧) ''મિલેટ્સ : નાનુ અનાજ, મોટી અસર''

(૨) ''સિરિધાન્ય : પૃથ્વી ગ્રહના આરક્ષણ માટે જરૂરી''

(૩) ''બાજરી : ઉત્તમ સ્વાસ્થ્ય માટેનું ઉત્તમ ધાન!''

(૪) "Healthy Millets, Healthy People."

(૫) ''મિલેટ્સનું જતન કરીએ, સમૃદ્ધ વતન કરીએ.''

(૬) ''કૃષિ છે ધરતીનો સરતાજ,
ભારતને છે શ્રીઅન્ન પર નાઝ''

(૭) ''પ્રોજેક્ટ હંગરનો જવાબ, સિરિધાન્ય એ જ ઈલાજ''

(૮) ''Zero Hunger કા સપના,
ખડધાન્ય ધરતી કા ગહના''

(૯) કાંગ, સામો, કોદો, ચીના
કુદરતનો છે એ કરિશ્મા!''

(૧૦) ''યુવા જાગે, ગામ જાગે,
જંકફૂડ કેમ ન ભાગે?''

(૧૧) ''જુવાર, બાજરી, મક્કા, રાગી
પોષણયુક્ત સાગર હૈ જો.''

(૧૨) ''ન્યુટ્રીસીરિયલ'' : દેશના કરોડો લોકોના પોષણનો કર્ણધાર

(૧૩) ''મિલેટ્સને મહત્વ, ટકાવે સૌનું અસ્તિત્વ.''

(૧૪) ''કરો શ્રીઅન્નનો સત્કાર, દૂર થશે કિસાનોનો અંધકાર.''

(૧૫) ''પોષક અનાજ : સશક્ત, તંદુરસ્ત ગ્રહ માટેની ટકાઉ પસંદગી''

(૧૬) "Smart Food : Low in Carbs, high in fiber"

(૧૭) ''મિલેટ્સ : 'અનાથ પાક' નહીં, પરંતુ 'ભવિષ્યનો પાક.'

(૧૮) ''જાડુ ધાન્ય'' : हम थे – रहेंगे, हम थे – रहेंगे

(૧૯) ''મિલેટ્સ : જો ચૂલ્હોં પે સજે તો, ખેતો મેં ખિલેંગે.''

(૨૦) શ્રીઅન્ન સર્જન, સૃષ્ટિનું રક્ષણ

(૨૧) ખડધાન અને બીજની કરો સુરક્ષા,
તે કરશે તમ જીવનની રક્ષા.

(૨૨) મિલેટ્સ સાચવે જગતને, જેમ માતા બાળકને...

(૨૩) मिलेटस धरा का भूषण, दूर करे प्रदूषण

(૨૪) देशप्रेम का नाता है, खड्धान हमारा भ्राता है।

(૨૫) ''બ્રેકફાસ્ટ, લન્ચ કે ડીનર હોય,
થાળીમાં બસ 'શ્રી અન્ન' હોય.''

**મારુ બરછટ ધાન્ય, મારી પ્રતિજ્ઞા**

ઘર, શાળા, સમાજ અને વર્તમાન પેઢી પરંપરાગત રીતે ઉપયોગમાં લેવાતા પરંતુ વર્તમાનમાં ખોવાયેલા આ ચમત્કારિક પોષક અનાજથી મળતા ફાયદા વિષે જાગ્રત થાય, ભોજનમાં ઉપયોગ કરતા થાય અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવે તે હેતુથી ડિસેમ્બર-૨૦૨૩થી શરૂ થયેલી 'બરછટ અનાજ' વિષેની આ શ્રેણીના કુલ ૯ લેખ અમે પ્રકાશિત કર્યા હતા. આ શ્રેણીના પ્રતિસાદરૂપે અમને ''મારું બરછટ ધાન્ય, મારી પ્રતિજ્ઞા''ના અનુસંધાને અમને તમારો સંકલ્પ 'ઘરશાળા'ના સરનામા ઉપર મોકલી આપશો તો 'ઘરશાળા' ના અંકમાં તેને સ્થાન આપવા માટે પ્રયત્ન કરીશું. જનજાગૃતિના હેતુથી આરંભાયેલું આ શબ્દકાર્ય માત્ર પુસ્તકનું અવતરણ ના બની રહેતાં કાર્યસિદ્ધ થાય એવી અમારી લાગણી છે.

**''મારું બરછટ ધાન્ય, મારી પ્રતિજ્ઞા''**

(૧) હું મારી જાતને સારી રીતે પોષિત રાખીશ.

(૨) હું મારા મિત્રો અને કુટુંબમાં આરોગ્યપ્રદ ભોજન ખાવાનો સંદેશો ફેલાવીશ.

(૩) હું ખેડૂતોને બરછટ અનાજના ઉત્પાદન માટે સમજાવીશ.

(૪) ઋતુ અનુસાર હું મોટા અનાજનો દૈનિક આહારમાં ઉપયોગ કરીશ.

(૫) હું ભારતને વિશ્વગુરુ બનાવવાની દિશામાં ડાયેટમાં 'મિલેટ્સ'નો ઉપયોગ વધારીશ.

(૬) શ્રીઅન્ન મારી થાળીમાં

(૭) મારી ફૂડ બાસ્કેટમાં હું ચમત્કારિક મિલેટ્સને પુનર્જીવિત કરીશ.

(૮) To Eat One Millet Meal Each Day.

(૯) હું રેસ્ટોરન્ટમાં મિલેટ્સની એક વાનગી તો મંગાવીશ જ.

(૧૦) હું દરરોજ ભોજનમાં એક બરછટ ધાનનો ઉપયોગ કરીશ.

**શ્રીઅન્નના ચટપટા ઉખાણાં**

(૧) હું સરસવના દાણા જેવું છું. મારો રંગ ઘટ્ટ લાલાશ પડતો છે. પ્રાચીન સંસ્કૃત લેખકોએ મને 'રજિકા' તરીકે વર્ણવી. બોલો, હું કોણ?

(૨) કાંગ ખેતર ગ્યાતા' રે, ગોરી કાંગ લ્યો
ઊભા ઊભા કાંગ લ્યો, બેઠા બેઠા કાંગ લ્યો...
આ ગીતમાં કયા ખડ ધાન્યની વાત છે?

(૩) મારા પુષ્પગુચ્છ વધારે મોટા અને ખંડિત છે. મારા ફૂલોની દાંડી સાથેની જટિલ ગોઠવણી અને વહેંચણીને કારણે હું 'શિયાળ પૂંછડી'થી ઓળખાઉં છું. બોલો, મારું અંગ્રેજી નામ શું?

(૪) ''....... રોટલાને, મૂળાના પાન,
હોંશે કરીને ખાય, ઘરડા જુવાન થાય.''
આમાં વિસરાયેલો શબ્દ કયો છે?''

(૫) 'ઈન્ટરનેશનલ યર ઑફ મિલેટ્સ'ના એક સમારંભમાં મારા મહત્વને કારણે મારું કયું નામાભિધાન થયું?

(૬) હું પોષકતત્ત્વોથી ભરપૂર છું. વૈજ્ઞાનિકોના મતે હું 'સુપર ફૂડ (Super Food) અને ઈતિહાસકારોના મતે હું અદ્દ્ભૂત છું.' તમે મને જરા ઓળખી બતાવો!

(૭) યુનાઈટેડ નેશન્સનો (UN) ૨૦૨૩નો 'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ'નો 'થીમ' (theme) કયો હતો?

(૮) હું સ્વાદમાં મીઠી છું. સાબુદાણાથી આકારમાં નાનો દાણો છું પણ એકદમ સફેદ નથી. મને કેમ ભૂલી જાઓ છો?

(૯) હું ઠંડીમાં ગરમી આપું, હિમોગ્લોબીન વધારું છું. મને ઓળખો છો?

(૧૦) મને મિશ્ર પાક તરીકે પણ વાવી શકાય. તમે મારા વિશે જાણો છો?

(૧૧) હું મીઠી મધુર છું. ''ચાઈનીઝ શેરડી'' તરીકે લોકો મને ઓળખે છે. અરે! હું જ તો ''બાજરીનો રાજા છું.'' મારા ગુણો વિશે તમે જાણો છો?

(૧૨) હું તમને પેટના રોગોથી દૂર રાખું છું અને રોગપ્રતિકારક શક્તિ આપું છું. નવરાત્રિમાં ખેડૂતો મને સંપૂર્ણ વિધિ સાથે ઊગાડે છે. તમે મને ઓળખો છો?

(૧૩) હું એસીડીટી સામે cooling એજન્ટ તરીકે કામ કરું છું. મને ચોખાની જેમ પણ ખાઈ શકાય છે. તમે મને ભૂલી ગયા તો નથી ને?

(૧૪) હું ભારત અને આફ્રિકાની મૂળ નિવાસી છું. મારું પોષક-મૂલ્ય ઘઉં જેટલું જ ઊંચું છે. મને ઓળખો છો?

(૧૫) મને ધર્મ સાથે જોડીને મારું મહત્વ વધાર્યું છે. ઋષિ પંચમીના દિવસે ઉપવાસમાં બહેનો મારો વપરાશ કરે છે. મારું નામ શું?

(૧૬) 'Millet Man of India'નું નામ શું છે?

(૧૭) ભારત સરકારે 'મિલેટ્સ'ની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂંક કરી છે?

(૧૮) હું આર્યનથી ભરપૂર છું. નવરાત્રિના ઉપવાસમાં હું લોકપ્રિય વિકલ્પ છું. હું તમારા રસોડામાં છું ને?

(૧૯) મારું નામ આમાંથી શોધો.
Raj - royal, gira = grain = A Royal Grain!

(૨૦) હું વર્ષો સુધી સડતી નથી અને મને સાત પડ હોય છે. તમે મારો અનુભવ કર્યો છે?

(૨૧) હું ત્રણ અક્ષરવાળુ ખડધાન્ય છું. મારો પહેલો અક્ષર કાઢી નાખો તો ચમકુ, બીજો અક્ષર કાઢી નાખો તો ખૂલે અને ત્રીજો અક્ષર કાઢી નાખો તો ઊડુ. બોલો હું કોણ?

**ઉત્તર :** (૧) રાગી (૨) કંગની (૩) Foxtail Millet (૪) બાજરી (૫) શ્રીઅન્ન (૬) રાગી (૭) Healthy Millets, Healthy people (૮) ઝંગોરા (૯) બાજરી (૧૦) કંગની (૧૧) જુવાર (૧૨) જવ (૧૩) કુટકી (૧૪) બાવટો (૧૫) સામો (મોરૈયો) (૧૬) શ્રી ખદરવલી (૧૭) લહરીબાઈ (૧૮) રાજગરો (૧૯) રાજગરો (૨૦) બંટી (૨૧) બાજરી

# એક શિક્ષકનું જીવન-સંગીત (ગુણવંતભાઈ શાહ)

**- ઈશ્વર પરમાર**

આપણે શ્રી ગુણવંતભાઈ શાહને લેખક/વિચારક અને વક્તા તરીકે ઓળખીએ છીએ. શ્રી ગુણવંતભાઈ શાહનું શિક્ષક તરીકે પાસુ પ્રસ્તુત લેખમાં શ્રી ઈશ્વર પરમાર દ્વારા ઉજાગર કરવામાં આવ્યું છે. આશા છે યુવાપેઢીને આ પરિચય જરૂરથી ગમશે.

**- તંત્રીઓ**

સુરત જિલ્લાના ગામ રાંદેરથી વડોદરા જિલ્લાના પાવાગઢ મુકામે પગપાળા જવાને ત્રણ તરુણોએ ખભે થેલા ભેરવ્યા. એમાંના એક ઊજળે વાન અને ઊંચેરા તરુણની માએ પાંચ પરબીડિયાં તેને આપતાં કહ્યું, ''લે બેટા, આ પાંચ ચિઠ્ઠીઓ પણ તારી જોડે રાખ, જરૂર કામ લાગશે તને.''

''પગે ચાલતાં જવું છે તેમાં આ તારી ચિઠ્ઠીઓ શા કામની છે, બા? ચિઠ્ઠી કંઈ થોડી ખવાય-પિવાય કે પહેરાય-ઓઢાય છે?''

''આ ચિઠ્ઠીઓથી એવી બધી સગવડો જરૂર થઈ જશે.''

''કોના પર લખી છે આ ચિઠ્ઠીઓ?''

''પગપાળા પ્રવાસમાં જે જે ગામમાં તમે રાતવાસો કરવાના છો તે તે ગામની મારી ઓળખીતી શિક્ષિકા બહેનો પર મેં ભલામણ લખી છે. એ બહેનો તમને રહેવા-જમવા માટે જરૂરી વ્યવસ્થા કરી આપશે. શિક્ષક શિક્ષકનું એટલું તો રાખે ને? લે, આ ચિઠ્ઠીઓ. સાચવજે હોં!''

ચાર ચાર પુત્રીઓ પછી પહેલાં અને છેલ્લા પુત્ર તરીકે ઊછરતા લાડલા પુત્રની સુખસુવિધા માટે મથતી માનું મન રાખવા એ તરુણે ચિઠ્ઠીઓ પોતાના ખિસ્સામાં મૂકી ખરી પણ પાદરમાં થંભી જઈને પોતાના માંહ્યલાનો સાદ સાંભળ્યો : ''લ્યા, પગપાળા જવું છે તો અગવડોમાં અથડાવા માટે ને? એ અથડામણોથી અકળાઈને માની આ ચિઠ્ઠીઓનો ઉપયોગ કરવાનું મન થઈ આવશે તો?'' સાથીમિત્રોને મનની વાત કરીને તે તરુણે તો પેલી ચિઠ્ઠીઓ ફાડી નાખી! વધારે સાચું : સંભવિત સુવિધાઓને પાદરેથી જ વિદાય કરી દીધી!

આવનારાં વરસોમાં, જીવનની સફરમાં પણ, અગવડોને સામેથી આવકારવાનું એ તરુણને જાણે કે વ્યસન પડ્યું! સમસ્યાઓ અને સંઘર્ષો સામે ઝૂઝતાં ઝૂઝતાં, ધારેલી રીતે, ધારેલા મુકામે ને ધારેલા સમયે પહોંચીને જ એ જંપે. બથંબથાની ઘડીઓ વચ્ચે પણ એ ટહુકા એવા કરે, સંવાદ એવો સરજે, સંગીત એવું વહાવે કે બહેરા ન હોય તેવા કાનમાં તે ગુંજ્યા કરે, ગુંજ્યા કરે!

પોતાના પ્રભાવી અસ્તિત્વથી ગુજરાતના શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર જગતને ઉત્સાહથી આંદોલિત કરતા સદા યુવા એ ગુણવંતભાઈ શાહનો જન્મ બારમી માર્ચ, ઓગણીસસો આડત્રીસના રોજ થયો હતો. એમના જીવનસંગીતની ઝાંખી તેમના મીઠા ને મર્માળા ટહુકાને જાણવા-માણવા માટે જરૂર સહાયક થશે.

ગુણવંતભાઈના જીવનને સદાય ધબકતું રાખતું વિસ્મય નામનું પંખી બચપણથી જ એમના ચિત્તમાં સ્મૃતિનો માળો કરીને બેઠું છે અને તેથી જ નાની વયે ઘડિયાળના ટિક્ ટિક્ને સમજવા એને વીંખી-પીંખી નાખેલું! તોફાની વછેરા જ જાતવાન અશ્વ બને!

રાષ્ટ્રપ્રેમી માતા પ્રેમિલાબહેને ગાંધીજીની હાકલ સાંભળીને સરકારી શાળાની નોકરી છોડી દીધી હતી અને પોતાના ગામ રાંદેરમાં જ રાષ્ટ્રીય શાળા શરૂ કરી હતી. ધર્મ-અનુરાગી અને વિદ્વાન પિતા ભૂષણલાલે પુત્રમાં ગીતા માટે અનુરાગ જગાવ્યો અને કેટલાય સંસ્કૃત-સુભાષિતોની અક્ષર-મૂડી બંધાવી.

રગરગમાં રાષ્ટ્રીય ભાવનાથી રસાયેલા વ્યક્તિ આપ્ટેજીના કિશોર-વયના ગુણવંતભાઇના જીવનમાં પ્રવેશ અને પ્રભાવે એમનું ઘડતર કર્યું. આપ્ટેજી ગામમાં બાલમંદિર ચલાવતા અને ગામના નવયુવાનોને ગાંધીજીના વિચારો સમજાવતા અને કેટલાક રચનાત્મક કાર્યક્રમોમાં જોડવા પ્રેરતા.

એક વાર રેંટિયાબારસને દિ' આપ્ટેજીએ સૂચવ્યું : બોરવાડા નામના ફળિયામાં જઈએ. ત્યાંના જાહેર સંડાસમાંથી મેલું માથે ઉપાડીએ ને ગામની બહાર જઈ તે દાટીએ. આવા-તેવા કાર્યક્રમોમાં જોડાતા તરુણ વયના ગુણવંતભાઈ એમની પાસેથી સચ્ચાઈ, સાદગી, શ્રમ, સત્સંગ, સફાઈ, સંગીત અને સેવાના સંસ્કાર પામ્યા. આપ્ટેજીએ આ ગીતને કેટલીયવાર તરુણોના કંઠે ગુંજતું કર્યું હતું :

''જગતપિતાની વિશ્વવાડી આ,
માનવપુષ્પે ખીલી રહી -
કોઈ ઊંચ નહીં, કોઈ નીચ નહીં...''

રાંદેરથી સુરત સોળ કિલોમીટરનું અપ-ડાઉન સાઈકલિંગના દ્વારા કરતા કૉલેજિયન ગુણવંતભાઈ કૉલેજમાં ઉઘાડે પગે જવામાં ક્ષોભ અનુભવતા નહીં ને તે કાળમાં પિક્ચર તો એકેય જોયું નહોતું! તેઓ 'ઝરમર' હસ્તલિખિત સામયિક ચલાવતા.

કૉલેજના વિદ્યાર્થી તરીકે તો ગુણવંતભાઈ નામના જ! વાસ્તવમાં તેઓ તે સમયે વિનોબા, જયપ્રકાશ નારાયણ, રવિશંકર મહારાજ અને બબલભાઈ જેવી જંગમ યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા! એમની સાથે કે એકલા તે સુરત - ભરૂચ વિસ્તારનાં ગામડાંઓમાં ભૂદાનપ્રવૃત્તિ-પ્રચાર માટે પગપાળા ફરતા રહેતા. સર્વોદયનો સાદ કરતાં કરતાં આઘેરા ગામે નીકળી ગયેલ આ આદર્શપ્રેમી નવયુવાન ગુણવંતભાઇ, પિતાજીના અંતિમ દર્શન પણ કરવા પામ્યા નહીં...

આ સંજોગોમાં કૉલેજના એક વર્ષે પરીક્ષાનાં પેપર્સ નબળાં ગયાં. મૂંઝાયા. એક પરીક્ષકને એમના માટે મમત્વ હતું. પરીક્ષકે એમની મૂંઝવણ જાણીને ધીમેકથી કહ્યું કે છાનાંમાનાં અમુક જગાએ જઈને તમારા નંબર લખી નાખજો. તે નોંધી લઈશ પણ નચિંત રહેજો.

એમ કર્યા પછી ગુણવંતભાઈની બેચેની વધી ગઇ. ઊંઘી ન શક્યા. ઊઠ્યા તરતોતરત. પરીક્ષક નોંધે તે પહેલાં પેલા નંબર ભૂંસી આવ્યા ને પછી જ નિરાંત અનુભવી.

ઓછી તૈયારી અને ઉચ્ચક મને એમણે બી.એસસી.ની પરીક્ષા આપી. છેલ્લું પેપર આપ્યા પછીની સવારે નિરાંતે મોડેરા જાગવાને બદલે મળસ્કે પાંચ વાગ્યે ઊઠીને લોકનાયક જયપ્રકાશજીનું પુસ્તક હાથમાં લીધું - 'આપણી ભૂમિ સમસ્યાનો ઉકેલ.'

ભારતની ભૂમિ-સમસ્યાનો ઉકેલ તો થશે થનાર હશે ત્યારે; પારિવારિક સમસ્યાઓએ

ઉકેલની ઉઘરાણીઓ કરવા માંડ; પણ આદર્શનો અમલ કંઈ ઓર હોય છે!

ગુણવંતભાઈ બી.એસસી. થયા. (૧૯૫૭) માતા પ્રેમીલાબહેને તે જ વરસે ગામમાં લોકમાન્ય વિદ્યાલય શરૂ કર્યું. તે શાળામાં શિક્ષક તરીકે જોડાવા માતાએ આગ્રહ કરતાં કહ્યું, ''ગામના ભલા માટે આ સાહસ ખેડ્યું છે; તેનું તું ટેકો કરે તો તેટલી રાહત રહે.''

''- પણ મા, મેં તો હજુ એક વર્ષ ભૂદાનપ્રવૃત્તિને આપવાનો સંકલ્પ કર્યો છે.''

''પગાર મળે તો ઘરનેય ટેકો થાય ને?''

''મારા સંકલ્પને પગારને ખાતર પોઢાડી દેવાનો?''

''તારી ભાવના હું સમજું છું, બેટા. તું વગર પગારે શાળાને સમયદાન આપે તો? આમેય તારે તો શિક્ષક જ થવું છે ને?''

''શિક્ષક થવાનું તો મારામાં વહેલેરું ઊગેલું છે; પણ ભૂદાનના કામનું શું?''

''શાળા-સમય પછી આજુબાજુના ગામે તે કાજે ખુશીથી જજે. એમ કરીશ તો તારી આ બાને અને સંત વિનોબાને, બેયને ન્યાય મળી રહેશે!''

આ પ્રેમાગ્રહને સ્વીકારતાં શાળાને જે બચત થઈ તે રકમમાંથી એક ઓરડો બાંધી શકાયો. સર્વોદયી શિક્ષકનું આ પહેલું પ્રદાન. એ વખતે કોઈને ક્યાં ખબર હતી. એ ગામડાગામના અવૈતનિક શિક્ષકને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય માન અને માન્યતા હાંસલ થશે!

હવે ટ્રેઈન્ડ ટીચર થવા ગુણવંતભાઈએ વડોદરા યુનિવર્સિટીની વાટ લીધી. (૧૯૫૮) આ ગાળામાં એક ચર્ચાપત્ર પ્રસિદ્ધ કરીને એમણે ચકચાર જગાવી દીધી - તે કાળમાં ચાલતી ભૂદાનપ્રવૃત્તિની કેટલીક મર્યાદાઓ એમની નજરે ચઢી અને માંહ્યલાને માન આપીને તે છતી પણ કરી! સર્વોદય વિચારોથી વિમુખ થયા વગર તેઓ શિક્ષણની સન્મુખ થયા.

- અને શિક્ષણ પણ વરદ્ હસ્તે એમની સન્મુખ રહ્યા કર્યું. બી.એડ્. (૧૯૫૯) : પ્રથમ વર્ગ અને યુનિવર્સિટીમાં બીજો ક્રમ. એમ.એડ્. (૧૯૬૧) : પ્રથમ વર્ગ, પીએચ.ડી. (૧૯૬૪) : અશાબ્દિક બુદ્ધિકસોટીઓ પ્રમાણિત કરી. આ ડિગ્રીઓ વધવાની સાથે તેમની આંતરસમૃદ્ધિ પણ વધતી રહી.

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે એમની વ્યાવસાયિક કારકિર્દી વડોદરામાં વ્યાખ્યાતા તરીકે શરૂ થઈ (૧૯૬૧). પછી રીડર તરીકે પણ પદોન્નતિ પામ્યા. અદ્યતન જ્ઞાનવિજ્ઞાન અંગેના સ્વાધ્યાય સતત ચાલુ રાખવાની સાથે તેઓ વિદ્યાર્થીઓ પ્રત્યે સમભાવ કેળવીને એમનામાં ઉચ્ચત્તર સિદ્ધિ માટે જોમ જગાવતા; તેઓ વિદ્યાર્થીઓના પ્રિય અને પ્રેરક શિક્ષક ને નાયક અનાયાસ બની રહ્યા.

વડોદરા મુકામેના સેવાકાળના દાયકા દરમિયાન તેમને શિક્ષક-વિનિમય યોજના અંતર્ગત ઈંગ્લૅન્ડની અને પછી અધ્યાપનના હેતુસર અમેરિકાની મુલાકાત લેવાની તક મળી, જીવનની ત્રીસી વટાવે તે પહેલાં (૧૯૬૬).

વડોદરાના સેવાકાળના દાયકા (૧૯૬૧-'૭૧)ના અંતભાગે નવીન અનુભવ કરવા ખાતર ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, મદ્રાસનો સંપર્ક કર્યો. આમેય ત્યાં જવા માટે રેલ્વેભાડું તો મળનાર હતું જ. જઈ આવ્યા. નિમણૂકની આશા ન હતી. થોડા સમય પછી એમ.એડ્. ના તાસ દરમિયાન પ્રોફેસર તરીકેની નિમણૂકનો તાર મદ્રાસથી આવ્યો!

મદ્રાસ જવાનું બન્યું (૧૯૭૨). તે ગાળામાં

તેમના યુવાન બનેવીનું અવસાન થયું. પારિવારિક જવાબદારી વધી. એક જ વર્ષમાં મદ્રાસ છોડવું પડ્યું. અહીં એમણે એજ્યુકેશનલ ટેક્નોલોજી વિષયને આત્મસાત્ કરવા માંડ્યો હતો ને આગળ જતાં તે ક્ષેત્રે એમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર પ્રદાન કર્યું.

મદ્રાસ છોડ્યા પછી ગુણવંતભાઈ મુંબઈની એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના સંશોધન વિભાગના પ્રોફેસર અને હેડ તરીકે નિમાયા.

'નૂતન શિક્ષણ' સામયિકના સંપાદક તરીકેની નોંધ (ગોષ્ઠિ) દ્વારા શિક્ષણક્ષેત્રમાં ચેતના, નિષ્ઠા અને ગૌરવ જગાડવા તેઓ કલમ દ્વારા અમી અને આગ ઠાલવતા રહ્યા. આ સિલસિલામાં લખાયેલ 'બોસની ત્રણ મુદ્રાઓ' નામના લેખે એવો તે વંટોળ જગવ્યો કે એમણે સ્વમાનવશ રાજીનામું આપ્યું અને પછી પોતે અનિશ્ચિતતાના મહાસાગરના હિલોળે ચડ્યા. કંચનની કસોટી થઈ અને પરિણામે-

કંચનની ચમક શબ્દ-સ્વરૂપે શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે સૌને આંજવા માંડી. તેમનાં કાવ્યો, નવલકથાઓ, ચરિત્રો, ચિંતન-લેખો અને સવિશેષ લઘુલિખિત નિબંધોએ તેમને ગણનાપાત્ર સાહિત્યકારોની પંક્તિમાં અને હજારો વાચકોના અંતરમાં સ્થાન અપાવ્યું.

સાહિત્યકાર ગુણવંતભાઈ શાહની તર્ક અને ભાવનાના તાણાવાણાથી ઓપતી એમની અનેરી લેખનશૈલીને 'ગુણવંત શૈલી' જ કહેવી પડે. હાલપર્યંત (૧૯૯૫) એમનાં તેત્રીસ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ કે અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલાં પુસ્તકો : 'કાર્ડિયોગ્રામ' ('૭૭); 'વિચારોના વૃંદાવનમાં' ('૮૧); 'સાયલન્સ ઝોન' ('૮૪); 'કરુણામૂર્તિ બુદ્ધ' ('૮૪); 'કૃષ્ણનું જીવન-સંગીત' ('૮૭); 'અસ્તિત્વનો ઉત્સવ' ('૯૧); 'ઢાઈ અક્ષર પ્રેમકા' ('૯૩). ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ કટારલેખક તરીકેનો પચીસ હજાર રૂપિયાનો ઍવોર્ડ પણ એમને એનાયત થયો. (૧૯૯૪-'૯૫) શિક્ષણક્ષેત્રે મનોવિજ્ઞાન અને ફિલસૂફી અંગેના તેમના ત્રણ પુસ્તકો શિક્ષક તરીકેની તેમની જબરી જ્ઞાનસાધના અને સજ્જતાના પાકા પુરાવા માની શકાય.

પ્રસિદ્ધ સાહિત્યકાર અને કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)એ ગુણવંતભાઈને ગુજરાતના શિક્ષણ અને ચિંતન જગતના એક ઝળકતા સિતારા તરીકે ઓળખાવતાં લખ્યું છે. : ''...અદ્યતન જ્ઞાનવિજ્ઞાનના તેઓ ચાહક છે. દરેક જીવતા શિક્ષકમાં તે હોવું જોઈએ. દુર્ભાગ્યે તેવું ઘણા ભાગે હોતું નથી. તેથી જ શિક્ષણ નિર્જીવ છે... વહેતાં પાણી નિર્મળા તે તેમણે દર્શાવી આપ્યું છે...''

જુલાઈ, ૧૯૭૪થી ડિસેમ્બર, ૧૯૮૭ : આ તેર વર્ષના ગાળા દરમ્યાન ડૉ. ગુણવંતભાઈ શાહ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ ભવનના અધ્યક્ષપદે રહ્યા અને પોતાની સાથે ભવનને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ અપાવી.

એમણે ભવનના ભૌતિક વિકાસ માટે અને વિદ્યાર્થીઓને પોષક અને ઉત્સાહક પ્રવૃત્તિઓ માટે શિક્ષણપ્રેમી લોકો પાસેથી આર્થિક સહયોગ મેળવ્યો; અનેકવિધ સમિતિઓ અને સંસ્થાઓના ચાવીરૂપ હોદ્દાઓ શોભાવ્યા; શૈક્ષણિક પુસ્તકો ગુજરાતીમાં તેમજ અંગ્રેજીમાં રચ્યાં. લેખો તો અનેકાનેક, મૌલિક, સૂત્રાત્મક, અભ્યાસપૂર્ણ અને રમતિયાળ શૈલીમાં લખાયેલાં તેમનાં બધાં લખાણો ગુજરાતના શિક્ષણજગતનું મોંઘેરું અક્ષરધન ગણી શકાય તેવાં છે. તેમણે અનેક વિશ્વપરિષદો નિમિત્તે દુનિયાભરના દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને યાદગાર પ્રદાન કર્યું.

અનેક રોકાણો છતાં એમનો અધ્યાપન-પ્રેમ

જરાયે ઘટવા પામ્યો નહીં. શિક્ષણ કે સાહિત્યની સભાઓ અધવચ્ચેથી છોડીનેય તેઓ પોતાનો તાસ લેવા એમ.એડ્.ના વર્ગખંડમાં સમયસર પહોંચી જતા. લાંબા પ્રવાસના થાકને વિસારે પાડીને તરત ભણાવવા લાગી જતા અને વિદ્યાર્થીઓ એમના વકતૃત્વથી સંમોહિત થઈને શિક્ષણના અઘરા ગણાતા વિષયોને મહાકાવ્યની જેમ માણતા. વિદ્યાર્થીઓને તેઓ પુસ્તકાલયમાં જવા સતત પ્રેરતા રહેતા.

સત્રારંભે ભવનના મંગળ પ્રવચનમાં ગુણવંતભાઈ કહેતા : ''અમારે એવા એકલવ્યની જરૂર નથી કે જે દ્રોણાચાર્યને પણ માન આપે અને અંગૂઠો પણ આપી દે... અમારે તો એવા એકલવ્યની જરૂર છે કે, ઉધાર ગુરુને કહે કે તમે જો તૈયારી કર્યા વગર આવશો તો તમને ક્લાસમાં દાખલ થવા નહીં દઈએ... મારા ડિપાર્ટમેન્ટમાં જે અધ્યાપક નોટ્સ ઉતરાવે તે અધ્યાપકના તાસનો બહિષ્કાર કરજો!''

શિસ્ત, સમયપાલન અને સંવેદનસભર સંબંધો જેવા ગુણો વાણી-વર્તનમાં વણી લેતા ગુણવંતભાઈ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કાર્યાલય કર્મચારીઓના સ્વજન બની રહ્યા એથી જ તો 'અનુસંધાન' શિક્ષણ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મંડળ થયું અને જળવાયું.

પરીક્ષણકાર્યમાં પ્રમાણિકતા માટેનો તેમનો આગ્રહ પ્રબળ રહ્યો. પરીક્ષણ પ્રવિધિના અનુસંધાને એમણે ઓપનબુક એક્ઝામ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર પરીક્ષાના સંચાલનના સાહસિક અને સફળ પ્રયોગો પણ કર્યા. પ્રાશ્નિક, પરીક્ષક અને નિરીક્ષક પણ વિદ્યાર્થી! અને એ રીતે અપાયેલ માર્કસ ને ગ્રેડમાં ફેરવીને તે યુનિવર્સિટીના ગુણપત્રકમાં પણ નોંધાવ્યા ! પોતાની યુનિવર્સિટીએ માસ-પ્રમોશનનો બહુમતીએ નિર્ણય કર્યો તેના વિરોધમાં એમણે સિન્ડિકેટમાંથી રાજીનામું આપ્યું હતું.

આમ શિક્ષણક્ષેત્રે મૌલિક અને ક્રાંતિલક્ષી પ્રદાન કરનાર ગુણવંતભાઈએ એક અણધાર્યા પત્ર દ્વારા આંચકો આપ્યો - દુ:ખદ અને સુખદ પણ!

તા.૧-૧-'૮૭ના રોજ તેમણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને પત્ર લખ્યો :

''ડીઅર સર, લૉંગ બેક આઇ હેડ ડિસાઈડેડ ટુ બી ફ્રી ફ્રોમ ધ શેકલ્સ ઑફ એમ્પલોયમેન્ટ ઍન્ડ ટુ ગો ફોર વોલંટરી રિયારમેન્ટ આફ્ટર આઇ ક્રોસ્ડ ફિફ્ટી. ધ આઈડિયા વોઝ ટુ ડીવોટ મોર ટાઈમ ટુ રીડિંગ, રાઈટિંગ, રિફ્લેક્ટિંગ ઍન્ડ સેલ્ફ-એક્ચ્યુઅલાઈઝિંગ...''

આ પ્રભાવી પત્ર દ્વારા ગુણવંતભાઈએ યુનિવર્સિટીના એક ઉચ્ચ ગણાય તેવા હોદ્દેથી સ્વૈચ્છિક રાજીનામું આપ્યું હતું : વાચન, લેખન, ચિંતન અને સ્વબોધના ઉચ્ચ આશય સાથે!

નોકરીની બેડીમાંથી આ હેતુસર પચાસ વર્ષની વય પછી મુક્ત થવાનું તો ચૌદેક વર્ષ પહેલાં મનોમન ઠરાવી રાખ્યું હતું! નોકરીને લીધે જીવનનાં બીજાં પાસાંઓને વિકસવાની ક્યાં તક રહે છે!

શિક્ષણ જગતની આ વિરલ ઘટના જ્યારે પ્રકાશમાં આવી ત્યારે અનેક સાક્ષરો, ચિંતકો અને શિક્ષણપ્રેમીઓના પ્રતિભાવો પડઘાવા માંડ્યા :

''પચાસ વર્ષની વય તે કંઈ નિવૃત્ત થવાનો સમય છે, ભલા માણસ?... યુનિવર્સિટીને આવો સિનિયર અને સિન્સિયર તજજ્ઞ ગુમાવવો કેમ પાલવે?... આને રાજીનામું નહીં, આઝાદનામું કહેવાય!... અંદરથી શ્રી છલકાતી ન હોય તો આવડી મોટી જગા છોડવાની હિંમત ચાલે જ નહીં!... અ સ્કૉલર નેવર રિટાયર્સ! ગરવી નિવૃત્તિ... ગોવર્ધનરાયની યાદ આવે છે... નવી

પેઢીને મારગ ચીંધનાર મળ્યા... નર્મદની જેમ તમેય કલમને ખોળે...''

સ્વૈચ્છિક નિવૃત્તિ પછી વર્ગખંડમાં ભણાવવાની ગમતી તક નહીં મળે તેનો અફસોસ ગુણવંતભાઈને રહ્યા કર્યો પણ વિસ્તરતા શિક્ષકનો વર્ગખંડ વિસ્તરતો રહે તેમાં શી નવાઈ!

પસંદિત અખબારોની કલમો દ્વારા અનેકવિધ પ્રશ્નો પરત્વે પોતાની આગવી શૈલીમાં ચિંતનધારા, વહાવતા રહેતા ગુણવંતભાઈના બે અસરકારી કાર્યક્રમો અણમોલ કહી શકાય તેવા છે; વાર્ષિક વિચારમેળા અને પંચશીલ આંદોલન.

વિચારમેળામાં પસંદિત વાચનપ્રેમીઓ જાત-ખર્ચે નિયત સ્થળે સહવાસે છે અને સંવેદના સાથે સહચિંતન કરીને તાજગી અને પાથેય મેળવે છે. વીસેક વર્ષથી ચાલતા આ સંસ્કાર-પ્રયોગે નવી જ કેડી કંડારી છે.

પંચશીલ આંદોલન દૃઢ પરંતુ દિશાહીન યૌવનને વિશ્વાસમાં લઈ જવાબદાર અને રુઆબદાર યૌવનમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ છે. દહેજ, વ્યસન, વૃક્ષઉછેર, સમાજસેવા, વસતિ-નિયંત્રણ, શાકાહાર, નિરક્ષરતા-નિવારણ અને વિશ્વશાંતિ જેવા મુદ્દાઓને સાંકળીને તૈયાર કરાયેલ પ્રતિજ્ઞાપત્રોમાં અત્યાર સુધીમાં પચીસ હજારથી વધુ યુવક-યુવતીઓએ હસ્તાક્ષરો કર્યા છે.

ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં ગુણવંતભાઈના જીવનસંગિની અવંતિકાબહેન અને પરિવાર-પુષ્પો તેમજ સ્નેહીમિત્રો જાગૃત રહીને કાર્યક્રમની ઔપચારિક વિધિ-વ્યવસ્થામાંથી ગુણવંતભાઈને મુક્ત રાખે છે.

કર્મયોગી ગુણવંતભાઈ અધિકારી કેળવણીકાર હોવા ઉપરાંત પ્રખર ચિંતક, લોકપ્રિય સર્જક અને જાગૃત નાગરિક પણ છે; પરંતુ આ બધામાં પ્રથમ તો પોતે શિક્ષક જ હોવાનું ભારપૂર્વક કહે છે - 'ફર્સ્ટ, આઈ'મ અ ટીચર.''

એમને પોતાના કે બીજાના આચાર-વિચાર વચ્ચેનું અંતર માન્ય નથી અને એમને વહાલી આંધળી વાનીના-જુવારના પોંક જેવા પોષક ને પ્યારા સંબંધોનું તો તગડું બૅન્ક બેલેન્સ છે!

પરમ આદરણીય ગુણવંતભાઈનો શિક્ષણ અને સાહિત્ય સાથેનો સુરીલો સંવાદ મારામાં સદા અહોભાવ જગાડતો રહ્યો છે. એમને એમ પૂછવાનું ઘણા વખતથી મન હતું કે ગુણવંતભાઈ શિક્ષણ અને સાહિત્ય વચ્ચેના સંબંધનું રહસ્ય કહો ને?

આ લટકતા પ્રશ્નનો ઉત્તર એમના નિવાસ 'ટહુકો'માં લાલચટ્ટાક તરબૂચના રસની લિજ્જત માણતાં પામ્યો. એમણે કહ્યું, ''ઈશ્વરભાઈ, શિક્ષણનો વ્યાપક અર્થ લઈએ તો તેનો અર્થ પ્રત્યાયન જ થાય છે. ટીચિંગ ઈઝ રીચિંગ. ટીચિંગનું માધ્યમ પ્રત્યાયન છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ લગી પહોંચવાનું છે. સાહિત્ય દ્વારા વાચકો સુધી પહોંચાય છે. માધ્યમના ઉપયોગ વિના પ્રત્યાયન શક્ય નથી. એકવાર મેં બાંગ્લાદેશમાં કહેલું - 'મને ટીવી આપો, દસ વર્ષમાં ગરીબી દૂર કરી દઉં!''

''પરદેશની શિક્ષણ પદ્ધતિમાંથી કઈ બાબત આપણે તુરંત અપનાવવા જેવી છે?''

''વિદ્યાર્થીને ફરજિયાત પુસ્તકાલયમાં જવું પડે તેવી સ્વાધ્યાય-પદ્ધતિ''

''ગુણવંતભાઈ, શિક્ષક તરીકેની નોકરી મેળવવા 'ડોનેશન' આપવા તત્પર યુવક-યુવતી અંગે આપનો શો પ્રતિભાવ છે?''

''ડોનેશન આપ્યા વગર નોકરી ન જ મળે તેવા સમાજમાં ડોનેશન આપનાર લાચાર યુવક-યુવતી કરુણાના અધિકારી છે, એમને ભ્રષ્ટ ન ગણાય. તેઓ શિક્ષણકાર્યમાં નિષ્ઠાચોરી તો ન જ કરે તેવી મને અપેક્ષા જરૂર રહે.''

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

# એક જ માનાં બાળકો વચ્ચે બચપણમાં દેખાતી ઈર્ષ્યાવૃત્તિ

- જશીબેન નાયક

બાળ-ઉછેર એ મા-બાપ પાસે ઘણી મોટી સજ્જતા માગી લે છે. કુટુંબમાં પહેલા બાળક (બેબી) પછી જ્યારે બીજા બાળક (બેબી)નો પ્રવેશ થાય છે ત્યારે પહેલા બાળક તરફથી સૌનું ધ્યાન ઓછું થઈ બીજા બાળક તરફ કેન્દ્રિત થતું હોય છે. એ વખતે કશી પણ સમજણ ન ધરાવતા પહેલા બાળકના માનસ પર વિકૃતિ અસરો પેદા થઈ, સ્વભાવ પરિવર્તનની પૂરી શક્યતા રહેલી છે, ત્યારે મા-બાપ એમ ન બને તે માટે શું કરી શકે? એ માટે આ લેખ અવશ્ય વાંચો.

- તંત્રીઓ

એક જ માનાં બાળકો વચ્ચે બહુ નાની ઉંમરે ઘણી કડવી ઈર્ષ્યાવૃત્તિ જોવામાં આવે છે. એક ત્રણેક વર્ષનો છોકરો તેના નવા જન્મેલાં ભાઈ કે બહેન પ્રત્યે મમતા કે ઉત્સાહ બતાવતો નથી. એટલું જ નહીં, ધીરે ધીરે તેના મનમાં નવાં જન્મેલાં નાનાં-ભાઈ-બહેન તરફ, શરૂઆતમાં નિરસતા, તે પછી રોષ અને ત્યારબાદ કડવાશ અને હિંસાવૃત્તિ કેળવાતાં દેખાય છે. કોઈ હાજર ન હોય ત્યારે આવું બાળક નાના ભાઈ કે બહેનને ઘોડિયામાં પાસે જઈ હાથમાં જે આવ્યું તેનાથી ઘા કરી બેસે તેવો સંભવ છે. કેટલીક વાર તે ગુસ્સો કરી માને કહે છે : ''ખોળામાં એને નહીં, મને બેસાડ'' કોઈ વાર મા નાનાં ભાઈ બહેનને ધવરાવતી હોય ત્યારે હઠ લે છે, ''મને હમણાં જ અમુક ખાવાનું બનાવી આપ.'' મા કહે કે 'બેટા! હમણાં જ બનાવી દઉં, જરા ભાઈને ધવરાવી લેવા દે.'' પણ મોટું બાળક ભયંકર રૂસણું લે છે. વસ્તુઓ જ્યાં ત્યાં ફેંકે છે. સૂતી વખતે કે બહાર જતી વખતે હઠ લઈ પોતાના તરફ મા-બાપનું ધ્યાન વધે તેવા આશયથી ભારે મોટો ઝઘડો જમાવી દે છે. આ વર્તણૂક પાછળ જરૂર ઈર્ષ્યાવૃત્તિ જવાબદાર છે. પોતાના જન્મ પછી, તે બીજાં ભાઈ-બહેનના જન્મ સુધી મા-બાપ, સગાસંબંધીઓ, સૌનું ધ્યાન માત્ર પોતા ઉપર જ કેન્દ્રિત હતું. સૌ એના ઉપર હેત વરસાવતાં. બહારથી કાંઈ ચવાણું કે રમકડું આવતું તો તે ઉપર પૂરો અધિકાર આ પ્રથમ બાળકનો હતો. ઘરમાં ત્યારે બીજું કોઈ બાળક નહોતું. આજે બીજાનો જન્મ થતાં એકાએક સૌ કોઈ બધું ધ્યાન નાના બેબી પર આપે છે તે વાતનો આ પ્રથમ બાળકને ગુસ્સો છે.

જો બાળકને સમજીએ નહીં અને આ ઈર્ષ્યામાંથી અજાગ્રતપણે (અનકોન્સ્યસલી) કરાતાં તોફાનમાં તેની તોફાનવૃત્તિ જ કારણભૂત છે કે પછી ક્યાંકથી એ ખરાબ ટેવ લઈ આવ્યો છે વગેરે મત બાંધી લઈ, તેના ઉપર આપણે નાહક ગુસ્સો કે સજા કરીએ તો તેમાં બાળકનો સ્વભાવ સુધારવાને બદલે એનાં વલણો વગેરે બગાડીએ છીએ. આપણા જ બાળકનું આપણા જ હાથે અહિત કરીએ છીએ તો એ ઈર્ષ્યાનું શું થઈ શકે?

આ ઈર્ષ્યા જન્મે જ નહીં, આ ઈર્ષ્યા જન્મવા જ પામે નહીં તે માટે સવેળા ઉપાયો થઈ શકે. દા.ત. બીજા બાળકની સંભાવનાની ખાતરી થાય કે તરત જ મા-બાપ (અને કુટુંબમાં બીજા સભ્યો

સાથે રહેતા હોય તો તેઓ પણ) બાળકને ખુશખબર આપતા હોય તેવી વાતો કરે : ''ઓહ, બાબા, તને તો હવે એક ભાઈ (અથવા એક બહેન) મળવાની છે. નાનું નાનું બેબી, પોચું પોચું, સુંવાળું બેબી આવવાનું છે. તને તેની સાથે રમવાની મજા પડશે. તું એકલો છે. પછી તારે ઘરમાં તારી સાથે હંમેશાં રહેનાર ભેરુ હશે.''

**જો બાળકને સમજીએ નહીં અને આ ઈર્ષ્યામાંથી અજાગ્રત (અન્કોન્સ્યસલી) કરાતાં તોફાનમાં તેની તોફાનવૃત્તિ જ કારણભૂત છે કે પછી ક્યાંકથી એ ખરાબ ટેવ લઈ આવ્યો છે વગેરે મત બાંધી લઈ, તેના ઉપર આપણે નાહક ગુસ્સો કે સજા કરીએ તો તેમાં બાળકનો સ્વભાવ સુધારવાને બદલે એનાં વલણો વગેરે બગાડીએ છીએ.**

તમારા પડોશમાં કોઈને ત્યાં નવું બાળક જન્મ્યું હોય તો તે કુટુંબની સંમતિ મેળવી તમારા બાળકને તેને ત્યાં લઈ જાઓ. તે નવા જન્મેલા બેબીને બે-ત્રણ વાર બતાવો. નવા બેબીના નાના નાના હાથ, નાના નાના પગની સુંદરતાનાં વખાણ કરો. તેનું ઓછા વાળવાળું માથું દેખાડો; તેના માથા ઉપર હાથ ફેરવવાની તક આપો. બેબીનો નાનો નાજુક હાથ તમારા બાળકને પોતાના હાથમાં રાખવાની ક્ષણભર તક આપો. તે નાના બેબીનાં વખાણ કરો. ''કેવું મજાનું છે,'' ''કેવું મીઠું હસે છે?'' ''તને આવી બહેન/ભાઈ હોય તો જરૂર કેવી મજા પડે!'' તને તેની સાથે રમવું ગમે, નહીં ને?''

આમ જુદી જુદી રીતે તમે તમારા બાળકને આવનાર ભાઈ/બહેન માટે તૈયાર કરો તો ઈર્ષ્યા જન્મવાનો સંભવ ઓછો. જન્મ્યા પછી, તમારા બાળકને હાથે, નાના બેબીને નાની મોટી ભેટ અપાવો અને તે જ અરસામાં સાથે સાથે એને પણ કાંઈ મનગમતું મળતું રહે એમ કરો. એની સાથે દરરોજ થોડો વખત જરૂર ગાળો. રોજ એને બોલાવી, બેબી સાથે થોડી કાલીઘેલી વર્તણૂક શિખવાડો; સાથે તમે તેમ કરવા લાગો. આવી રીતે પૂર્વ તૈયારી રાખનાર ઘરમાં નવા બાળકનું સૌથી મોટું દોસ્ત તમારું મોટું બાળક બને છે અને આગળ ઉપર, નાનાને સાચવવાની કામગીરીમાં અડધો હિસ્સો મોટાનો હોય છે. આ જોવાનું સદ્ભાગ્ય આ લેખકને તો એકથી વધુ કુટુંબોમાં મળ્યું છે.

**પૂર્વ તૈયારીમાં ચૂક્યા હો તો?**

હા, જો તમે એ પૂર્વ તૈયારીમાં ચૂક્યા હો અને તમારા મોટા બાળકમાં, નવા આગંતુક પ્રત્યે ઊંડી ઈર્ષ્યા વધી ચૂકી હોય તો તમારે દરરોજ અનેક પ્રસંગોએ મોટા બાળક તરફથી માથાનો દુઃખાવો અથવા કોયડાઓનો સામનો કરવાની કમનસીબ સ્થિતિ ઊભી થવાની.

આ સ્થિતિના રામબાણ ઉપાયો ''પેટન્ટ મેડીસીન'' ઉપલબ્ધ નથી. દરેક કુટુંબમાં વાતાવરણ જુદું. ઘરમાં માત્ર બે જ, મા અને બાપ હોય અથવા મા-બાપ સાથે સંયુક્ત કુટુંબ હોય તો બીજાઓનાં સ્વભાવ, રીતરસમ જુદાં જુદાં. પરિણામે દરેક માટે એક જ પ્રકારના નુસખાઓ-ઉપાયો કામમાં આવે નહીં. વ્યક્તિ અને સંયોગો પ્રમાણે નુસખાઓ બદલાવી શકાય તે જરૂરી છે.

સૌથી પ્રથમ તો આવા બાળકમાં સર્જાયેલી ઈર્ષ્યાવૃત્તિ માટે મા-બાપે ખૂબ ધીરજ કેળવવી જોઈએ તથા શ્રદ્ધા રાખવી જોઈએ કે આ ઈર્ષ્યાવૃત્તિ દૂર કરી શકાશે.

બીજું : પોતાનાં સગાંવહાલાંઓ તથા નોકરોને આ બાબતથી ચેતવી દેવાના કે આવી ઈર્ષ્યા મોટાં

બાળકમાં કોઈ વાર થાય તો તેનો ઉપાય, ગુસ્સો, મહેણું-ટોણું કે ટોળટપલી નથી. ટૂંકમાં સજા કામ લાગવાની નથી એ સમજાવવું જોઈએ.

કેટલાક લોકોને એમ લાગે છે કે બેબીને ભગવાને મોકલ્યું છે તેમ કહી દેવાથી બાળકને સમજાવી શકાશે પણ એમ કહેવું ખોટી રીત છે. એથી તો બાળકમાં એક વખત બુદ્ધિભેદ ઊભો થશે અને તેમાંથી ''પરવરઝન'' ઊભાં થશે! વાત સાચી છે, તેનો ઉપાય સહેલો છે...

ત્રીજું : બાળક સાથેની સમજાવટ કે ખીજાઈને તેને કદી કહેવું નહીં કે ''તે ઈર્ષ્યાળુ છે - અદેખો છે, મૂરખો છે; અક્કલ નથી.'' આ તો તારો જ ભાઈ છે. ''જ્યાં સુધી એણે નવા બેબીને બહેન યા ભાઈ તરીકે સ્વીકાર્યું નથી ત્યાં સુધી તે અંગે આપણે આરોપણ કરવું યોગ્ય નથી. એનામાં એવી સમજણ નથી, તેમાં એનો વાંક નથી. થોડીક કુનેહ અને ધીરજ રાખીએ તો એ ભાવના (ભાઈ-બહેનની) જરૂર વિકસાવી શકાવાની છે.

કદાચ ઈર્ષ્યાળુ બાળક કહેશે : ''ક્યાંથી આવ્યું? કોણ લાવ્યું? દાયણ યા નર્સને પાછું આપી દો. હૉસ્પિટલમાં પાછું મૂકી આવો. હું તો એને ફેંકી દઈશ.'' - આવા ગુસ્સાવાળાં વચનોથી મા-બાપ ખિન્ન થઈ જાય એ ખોટું છે. એવા શબ્દો સામે વડીલોએ કોઈ રીસ કે દુઃખ કરવાં નહીં જોઈએ.

જુદી જુદી અનેક રીતે એને સમજતું કરી શકાય.

''અમે ભગવાનને પ્રાર્થના કરેલી કે અમારા દીકરાને ભેરુ તરીકે એક ભાઈ યા બહેન આપો. એટલે આ તો ભગવાને મોકલેલ બેબી છે.''

''જોને, તારા પપ્પાને ભાઈ છે ને? પેલા તારા નાના કાકા એ તારા પપ્પાના ભાઈ છે. તને તે કેટલો પ્યાર કરે છે. તારા પપ્પાને નાનો ભાઈ જોઈતો હતો, (યા નાની બહેન જોઈતી હતી.) પપ્પાને ભગવાને તે આપી ત્યારે પપ્પા ખૂબ ખુશ થયા હતા. નાના કાકા પપ્પાના ભાઈ છે. પપ્પાને નાના ભાઈ બહુ ગમે છે.

''જો બાબા, આ તારાં નાનાં માસી આવ્યાં. નાનાં માસી તને બહુ ગમે છે, ખરું ને? એ નાનાં માસી મારાં બેન છે. હું તારા જેવડી હતી ત્યારે ભગવાને ઘરમાં મારી માને એક નાનકી બેબલી મોકલેલી. તે જ આ તારાં નાનાં માસી!

''ના, મોટી બા, આજે તો બેબીને બાબાભાઈ જ દૂધ પાય તો બહુ સારું. ''એક નાની ચમચી દૂધ એના મોંમા મૂકને, બાબા!''

''અહીં બેબીની પથારી નહીં કરાય. આ તો બાબાભાઈની જગ્યા છે. અહીં તો એ જ સૂશે. લાવો, બાબાભાઈની પથારી પાછી અહીંયાં!''

''બાબા : આ નાનો ઘૂઘરો તને યાદ છે. તું નાનો, બેબી જેવો હતો ત્યારે એનાથી ખૂબ રમતો. હવે તો તું એને અડતો પણ નથી. નાનાં બેબીઓને ઘૂઘરા ગમે. તારો ઘૂઘરો તું બેબીને આપીશ?''

(એમ ન કહો : તારી બેનને આપીશ?) એમ કહેવાના સંયોગો ઊભા કરી, બાબાને મોઢે જ એ વાત બોલાવવી જોઈએ.

આવા અનેક નુસખાઓ અજમાવી શકાય. તેમાં સૌ કુટુંબીઓનો સહકાર હોય તો જલદી સફળતા મળે. સૌથી ઉત્તમ રસ્તો એ છે કે બીજા બાળકનું ગર્ભાધાન થાય ત્યારથી જ પહેલા બાળકને મનથી તૈયાર કરવું જોઈએ.

કેટલાક લોકોને એમ લાગે છે કે બેબીને ભગવાને મોકલી છે એમ કહેવું તે ખોટી રીત છે. એથી તો બાળકમાં એક વખત બુદ્ધિભેદ ઊભો થશે અને તેમાંથી ''પરવરઝન'' ઊભાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# યુવાનો ગાંધીજીના પ્રેમમાં પડશે

- ગુણવંત શાહ

**ગાંધીજીની સો ટચની નિખાલસતા**

ભારતમાં ગરીબી, ગંદકી, અજ્ઞાન, અંધશ્રદ્ધા અને ભ્રષ્ટાચારની બોલબાલા છે. બંને કાન પકડીને આ સત્ય સ્વીકાર્યા પછી એક પ્રશ્ન પજવે છે : આટલાં અનિષ્ટો વચ્ચે પણ ભારતમાં એવું તે કયું તત્ત્વ છે, જેને પરિણામે આ ધરતીમાં લગભગ એક જ સદીમાં મહાત્મા ગાંધી, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણ મહર્ષિ, વિનોબાજી અને રજનીશ જેવા મહામાનવો પેદા થઈ શકે? કદાચ કવિ ઈકબાલે એ તત્ત્વને સલામ પાઠવીને કહેલું :

*'કુછ બાત હૈ કિ હસ્તી*
*મીટતી નહીં હમારી.'*

મહાત્મા ગાંધીને સમજવા હોય તો ઇકબાલે જેનો મહિમા કર્યો એ 'કુછ બાત'ની શોધ સતત કરવી પડશે. એ શોધ ભારતના યુવાનો કરશે ત્યારે ગરીબી અને અજ્ઞાન ભારતને નહીં પજવે.

વેડછીની ગાંધી વિદ્યાપીઠમાં થોડાંક વર્ષો પહેલાં પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સમક્ષ થોડી વાતો કરવાનું બનેલું. પ્રવચનમાં કહેલું : શિક્ષણ એટલે ચેતનાની ખેતી, એવું સદ્‌ગત ચક્રવર્તી રાજગોપાલાચારીનું વિધાન હતું. એ ચેતના ખીલે ત્યારે વિસ્મય, વિવેક અને સત્યપ્રેમ આપોઆપ પ્રગટ થાય. ગાંધીજીએ આત્મકથામાં પોતાને સ્કોલરશિપ મળેલી એવી વાત નોંધી છે. એમને થયું કે જો સ્પષ્ટતા ન કરું તો લોકો મને હોંશિયાર વિદ્યાર્થી માની લેશે. સત્યના પ્રયોગો કરનારને એ કેમ પોસાય? ગાંધીજીએ બીજા વાક્યમાં જ સ્પષ્ટતા કરી અને ચોખ્ખેચોખ્ખું જણાવ્યું : 'પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અનુક્રમે માસિક ચાર રૂપિયા ને દસ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ મળી હતી. આ મળવામાં મારી હોશિયારી કરતાં દૈવે વધારે ભાગ લીધો હતો. એ શિષ્યવૃત્તિઓ બધા વિદ્યાર્થીઓને સારું નહીં, પણ જેઓ સોરઠ પ્રાંતના હોય તેમાં પહેલું પદ ભોગવે તેના સારુ હતી. ચાળીસ-પચાસ વિદ્યાર્થીઓના વર્ગમાં તે કાળે સોરઠ પ્રાંતના વિદ્યાર્થીઓ કેટલા હોઈ શકે? મારું પોતાનું સ્મરણ એવું છે કે મને મારી હોંશિયારીને વિશે કંઈ માન ન હતું. ઈનામ કે શિષ્યવૃત્તિ તો મને આશ્ચર્ય થતું. પણ મારા વર્તનમાં ખોડ આવે તો મને રડવું મળે જ આવે.' આવી નિખાલસતા માનવીની શોભા છે.

**સચ્ચાઈ વગરની સ્માર્ટનેસ નકામી**

સત્ય અંગેની આવી ચીકણાશ ગાંધીજીને એવરેસ્ટની ટોચે બેસાડનારી બની રહી. નિર્મળ હૃદય વગર આવી નિખાલસતા સંભવે ખરી? સત્યનો સથવારો ન હોય તો નિખાલસ થવાનો વૈભવ ન પોસાય. એક વાર નડિયાદમાં જાહેર પ્રવચનને અંતે મને પ્રશ્ન પૂછાયો : ''નવી પેઢી દેશની આજની અવદશા માટે ગાંધીજીને જવાબદાર ગણે, તે અંગે તમારે શું કહેવું છે?'' મારો જવાબ ટૂંકો ને ટચ હતો : 'નવી પેઢી એટલી બધી મૂર્ખ હોય એવું હું માનતો નથી.'

જવાબ તો આપી દીધો, પણ હું સભા પૂરી થઈ પછીય વિચારતો જ રહ્યો.

નવી પેઢી ગાંધીને સમજવામાં થાપ ખાઈ જતી હોય તો તેમાં બધો દોષ નવી પેઢીનો નથી. યુવાનો કેટલાક પ્રભાવહીન અને દંભી અનુયાયીઓને જોઈને નિરાશ થયા હોય એમ પણ બની શકે છે. જો તેઓ અંદરથી ટટ્ટાર અને નિખાલસ એવા કોઈ ગાંધીજનના સંપર્કમાં આવે તો જરૂર ગાંધીજીના ફેન બની જાય. સદ્‌ભાગ્યે હજી આપણી વચ્ચે એવા સંનિષ્ઠ ગાંધીજનો જીવે છે.

આ જગતમાં સત્ય જેટલી ટકાઉ ચીજ બીજી કોઈ જ નથી. ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિનું મૂળિયું સત્યમાં નિહાળ્યું અને એ મૂળિયું ઝાલીને પોતાનું જીવન ગોઠવ્યું. સદીઓ વીતે તે સાથે ગાંધીનું સત્ય વધારે ને વધારે પ્રભાવશાળી થતું જણાશે. ઉપનિષદનું સૂત્ર છે : सत्यमेव जयते. દુનિયામાં આજે પણ પ્રભાવ કેવળ સત્યનો જ પડે છે. આપણે જ્યારે પણ જૂઠું બોલીએ ત્યારે આપણો ચહેરો લગભગ નિસ્તેજ બને છે. સાચું બોલનાર, લખનાર અને જીવનારનો પ્રભાવ આપોઆપ પડતો જણાય છે. એ જ સાચો પ્રભાવ ગણાય. સચ્ચાઈ વગરની સ્માર્ટનેસનો પ્રભાવ નથી પડતો. રાજાનો વટ પડે, પરંતુ પ્રભાવ તો સત્યાચરણીનો જ પડે!

ગાંધીજી દેખાવે પ્રભાવશાળી ન હતા. એમની વાણીમાં કોઈ ખાસ આકર્ષક છટા ન હતી. તેઓ પ્રકાંડ પંડિત પણ ન હતા. તેઓના કાન થોડા મોટા હતા. એમનાં ચશ્મા જૂની ઢબની ફ્રેમવાળાં હતાં. એમના હોઠ થોડાક જાડા હતા. એમનું સ્મિત બોખું હતું. એમની જીવવાની સ્ટાઈલ અનાકર્ષક હતી. એમની બહારની પર્સનાલિટી લગભગ પ્રભાવહીન હતી. આટલી બધી મર્યાદાઓ છતાં એમનો દેશ પર અને લોક પર ભારે પ્રભાવ પડ્યો તેનું રહસ્ય શું? આ પ્રશ્નના જવાબમાં કવિ ઈકબાલની 'કુછ બાત'નું રહસ્ય છુપાયેલું છે. ગાંધીનો પ્રભાવ અંતતોગત્વા એમના સત્યમય જીવનનો પ્રભાવ હતો.

સેવક જો અંદરથી સાધક ન બને તો પોતાની સેવાને લગભગ વ્યાયામની કક્ષાએ લાવી મૂકતો હોય છે. સેવાની સાથોસાથ જો સદ્‌ગુણ-સંવર્ધન થતું ન રહે તો જીવનભર એ વ્યાયામ ચાલતો રહે છે. વેડછીના વડલા જેવા સદ્‌ગત જુગતરામ દવે સેવક હતા, તે સાથે સાધક પણ હતા. એમના એક પુસ્તકનું મથાળું હતું : 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી.' ટૂંકમાં સેવા પણ આખરે તો આત્મરચના માટેની સાધના જ ગણાય. સેવાનો લાભ લોકોને મળે તે પહેલાં સાધક બની રહેલા સેવકને મળવો જોઈએ. સેવાકર્મ દંડબેઠક નથી, પણ સૂર્યનમસ્કાર છે.

## યુવાન મિત્રોને ખાસ વિનંતી

પ્રભાવ કેવળ માણસની સચ્ચાઈનો જ પડે છે. બહારનો સ્થૂળ પ્રભાવ તો તમોગુણને ઉત્તેજનારો અને રજોગુણને ગલગલિયાં કરાવનારો હોય છે. જૂઠું બોલનારો કે પછી કપટ, કારભાર અને કાવાદાવામાં ખૂંપેલો સેવક અંદરથી ખતમ થઈ જાય છે. પાણીની બાલદીને તળિયે કાટ લાગે અને પતરું ખવાઈ જાય, તેમ લોકોને છેતરીને દંભી જીવન જીવનારા સેવકનું વ્યક્તિત્વ ખવાઈ જાય છે. આવા કોઈ સેવકનો લોકો પર પ્રભાવ ન પડે તેમાં ગાંધીનો કે લોકોનો શો વાંક?

રજનીશ ગાંધીજીની આત્મકથા પર આફરીન હતા. રજનીશે જે જે પુસ્તકોને પ્રેમ કર્યો તેની વાત એમના પુસ્તક, 'બુક્સ આઈ લવ્ડ'માં વિગતે કરી છે. પ્રથમ નંબરે એમાં ગાંધીજીની 'આત્મકથા' મૂકી છે. રજનીશ લખે છે : 'એમના સત્યના પ્રયોગો વિષે વાતો કરવી એ ખરેખર અદ્‌ભુત બાબત છે. આ જ ખરો સમય છે. હું જરૂર થોડી સુંદર વાતો કરીશ. પહેલી વાત તો એ કે કોઈએ પોતાની આત્મકથા આટલી સચ્ચાઈ અને પ્રામાણિકતાથી લખી નથી. ક્યારેય ન લખાઈ હોય એવી આત્મકથાઓમાંની એક એવી આ આત્મકથા છે.' (*'ઓશો ટાઈમ્સ'*, સપ્ટેમ્બર ૨૦૦૧, પાન ૪૪-૪૭)

યુવાન મિત્રોને ખાસ વિનંતી કરવી છે. ગાંધીજીના અનુયાયીઓને ઘડીભર બાજુએ રાખીને સીધા મહાત્મા ગાંધીના સંપર્કમાં આવી જવાનો અનુભવ રોમાંચક સાબિત થશે. ગાંધી સાહિત્ય વાંચી ગયા પછીય જો ગાંધી પ્રત્યે આકર્ષણ ન જન્મે તો એમને પડતા મૂકવાની છૂટ છે, પણ ત્યાં સુધી મૂગા મરવું સારું! ઈકબાલે 'કુછ બાત' નો ઈશારો કર્યો તેની ભાળ વૈદિક સંસ્કૃતિના ગુરુત્વ મધ્યબિંદુ એવા સત્યમાં મળે છે. ગાંધીજીએ તેથી કહ્યું : 'સત્ય એ જ પરમેશ્વર.' ગાંધીજયંતી એટલે શું? એ દિવસે આપણે સૌએ આપણા માંહ્યલાને થોડાક અળખામણા સવાલો પૂછવા રહ્યા. ગાંધીજયંતી એટલે વિચારજયંતી, આચારજયંતી અને સત્યજયંતી. ગાંધીજી કહે છે :

*'જગતમાં ભરતી-ઓટ થયા જ કરે છે,*
*પણ અંતે ધર્મનો જ જય થાય છે.*
*સંતોનો નાશ થતો નથી,*
*કેમ કે સત્યનો નાશ નથી થતો.*
*દુષ્ટોનો નાશ જ છે*
*કેમ કે અસત્યને અસ્તિત્વ જ નથી.'*

## ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્

યુવાનોએ ગાંધીજીને સમજવામાં એક વાત ખાસ યાદ રાખવી જોઈએ. આજની દુનિયાની પીડાનાં મૂળિયાં ક્યાં પડેલાં છે? ત્રણ બાબતો આજના માનવીને પ્રતિક્ષણ પજવી રહી છે:

(૧) વધુ પડતી દ્રવ્યનિષ્ઠા

(૨) વિવેકહીન સુખનિષ્ઠા

(૩) આંધળી ધનનિષ્ઠા

કાલે ઊઠીને દુનિયાની સમગ્ર પ્રજા ભૌતિક સમૃદ્ધિની ટોચે પહોંચી જાય તોય તેનાં દુખડાં ટળે ખરાં? આ પ્રશ્ન ઊંડી ગવેષણા માગી લેનારો છે.

ગાંધીજીએ સન ૧૯૦૯માં લખેલા 'હિંદ સ્વરાજ'નો કેન્દ્રવર્તી સૂર આ પ્રશ્નના જવાબમાં સમાયેલો છે. ગાંધીજીની મૂળભૂત શ્રદ્ધા દ્રવ્યતાથી પર એવી અદ્રવ્યતા સાથે અને પદાર્થતાથી પર એવી અપદાર્થતા સાથે જોડાયેલી માનવીય ચેતના સાથે છે. અંગ્રેજીમાં 'મેટર' અને 'સ્પિરિટ' વચ્ચે ટક્કર માટે એક મજાક જાણીતી છે. 'What is spirit?' જવાબ મળ્યો : 'It does nott matter.' ગાંધીજીને મન સત્યનિષ્ઠા વગર દ્રવ્યનિષ્ઠા, મૂલ્યનિષ્ઠા વગરની પદાર્થનિષ્ઠા અને શ્રમનિષ્ઠા વગરની ધનનિષ્ઠા માણસને પાડનારી છે. રસ્કિનની પુસ્તિકા 'અન ટુ ધિસ લાસ્ટ' (સર્વોદય)નું આ ગુરુત્વ મધ્યબિંદુ ગણાય.'

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# ગાંધીજીનું શિક્ષણદર્શન

- મનસુખ સલ્લા

જીવનસાધક વિમલા તાઈએ કહ્યું છે કે 'જીવન સંબંધોમાં છે.' સંબંધો પ્રેમના હોય કે ધિક્કારના હોય, સ્વાર્થના હોય કે સર્વાર્થના હોય. અંતરંગ હોય કે ઉપરછલ્લા હોય. સમજપૂર્વકના હોય કે મુગ્ધ લાગણીઓના હોય, નિસ્બતપૂર્વકના હોય કે ઉપેક્ષાના હોય - જેવું એનું સ્વરૂપ હોય તેવું એનું પરિણામ આવે છે. પરિણામમાંથી છટકી શકાતું નથી. એટલે પરિવારમાં અને શિક્ષણરચનામાં આ વિશે વધુમાં સ્પષ્ટતા અનિવાર્ય છે.

ગાંધીજીએ સંબંધનું વિજ્ઞાન સમૂળગું બદલી નાખ્યું. ધિક્કારનારાને તેમણે પ્રેમથી જોયા. તેમના વિચારનો વિરોધ કરનારને પણ 'એક દિવસ સમજશે' એમ માનીને શ્રદ્ધા જાળવી. તેમને છેતરનારને પણ તેનું શુભ જાગશે એમ માનીને વિશ્વાસ રાખ્યો. અરે, તેમના મૃત્યુ માટે પ્રયત્ન કરનારને પણ ''તેઓ ખોટી માન્યતા અને અપૂર્ણ (અસત્ય) વિચારથી ઘેરાયેલા છે.'' એમ માની ઈશ્વરશ્રદ્ધાથી તેમને જોયા. નથુરામ ગોડસેએ ગાંધીજીની હત્યાનો પ્રયત્ન (૧૯૪૪) કર્યો. પકડાયો, જેલમાંથી છૂટ્યો ત્યારે ગાંધીજીએ તેને કહેવડાવ્યું કે, 'એક અઠવાડિયું મારી સાથે રહો, મને સમજો, મારા વિચારોને અને શ્રદ્ધાને સમજો.' ગોડસેએ એ નિમંત્રણ સ્વીકાર્યું હોત તો કદાચ ગાંધીજી ઉપર ગોળી ન ચલાવી શક્યો હોત. ગાંધીજીને સાચી રીતે સમજી શક્યો હોત.

પૂર્વેના મહાપુરુષો (ખાસ કરીને ભગવાન બુદ્ધ અને ઈસુ ખ્રિસ્ત) પાસેથી અને પોતાના જીવનના સત્ય અને શુભના પ્રયોગોથી ગાંધીજીએ સંબંધોનું નવું વિજ્ઞાન સર્જ્યું હતું. ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું કે, ''તમારા દુશ્મનને પણ ચાહો,' એ ગાંધીજીએ આચરી બતાવ્યું. મીર આલમ, દક્ષિણ આફ્રિકાનું અંગ્રેજ ટોળું, ગોડસે, ઝીણા, મુત્સદ્દી અંગ્રેજ હાકેમો અને અધિકારીઓ સાથે ગાંધીજીએ એ જીવી બતાવ્યું.

આ ખોજ તેમના જીવનમાં ઘણી વહેલી શરૂ થઈ હતી. અને એટલે જ શિક્ષણ કેવું હોવું જોઈએ તેની શોધ અને સ્પષ્ટતામાં તેમણે લગભગ ચાલીસ (૧૮૯૭થી ૧૯૩૭) વર્ષ ગાળ્યાં હતાં. તેમની વિચારણાના કેન્દ્રમાં માણસ છે. માણસ બદલાય, 'સ્વ-રાજ' કરતો થાય તો બાકીનું બધું બદલાય એ તેમની શ્રદ્ધા હતી.

ગાંધીજીએ શિક્ષણમાં તત્ત્વ, કાર્યક્રમ અને રચનારૂપે જે કહ્યું છે તેની પાછળ સંબંધોની વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. એના પ્રયોગો અને અનુભવો દક્ષિણ આફ્રિકામાં અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં કરેલા છે. એટલે કે ગાંધીજીનું શિક્ષણ-દર્શન માત્ર પુસ્તકોમાંથી નથી ઘડાયું, જાત પર અને નિકટના પર તેમણે કરેલા પ્રયોગોમાંથી અને વ્યાપક જીવનદર્શનમાંથી ઘડાયું છે. એ વિશે એમને અપાર શ્રદ્ધા અને પ્રતીતિ હતી. એટલે ૧૯૩૭માં તેમણે વર્ધામાં દેશના મુખ્ય કેળવણીચિંતકો સામે જે દર્શન રજૂ કર્યું તેને સંબંધોનું વિજ્ઞાન ગણી શકાય.

મનુષ્યજીવનમાં આવા સંબંધો ત્રણ પ્રકારના હોય છે : સ્વ સાથેનો સંબંધ, સમાજ સાથેનો સંબંધ, પ્રકૃતિ (સમષ્ટિ) સાથેનો સંબંધ. આ ત્રણે પ્રકારના સંબંધોમાં અહિંસા, પ્રેમ અને સાધનશુદ્ધિ એ જાણે કે કસોટીના પથ્થર છે. આપણે એને વિગતે સમજીએ :

**૧. મનુષ્યનો સ્વ સાથે સંબંધ :**

વ્યક્તિનો સ્વ સાથેનો સંબંધ બદલાય તો જ એણે મેળવેલી કેળવણી ખપની ગણાય; ઈષ્ટ અને આવકાર્ય ગણાય. સ્વ સાથેનો સંબંધ એટલે સંબંધમાં કઈ પ્રેરણાથી વ્યવહાર કરીએ છીએ તેની સ્પષ્ટતા અને શ્રદ્ધા. હિંસા, શોષણ, છેતરપિંડી અને સ્વસુખમાં બંધાયેલ વ્યક્તિ હિંસક, શોષક, અશુદ્ધ સાધનોને સ્વીકારનારી અને અહંકારથી ઘેરાયેલી હોવાની કે થવાની.

આ સંબંધ બદલવાનું વિજ્ઞાન એટલે ખરી કેળવણી. અમુક હજાર વ્યક્તિઓને નોકરી મળી જાય એ દૃષ્ટિબિંદુથી આજે શિક્ષણરચનાને જોવામાં આવે છે. એટલે ગોખણપટ્ટી, જિજ્ઞાસાનો અભાવ, વ્યક્તિ, વસ્તુ કે ઘટનાને તપાસવાનો - મૂલવવાનો અભાવ, અને એને પરિણામે સ્વકેન્દ્રી માણસનું નિર્માણ - એ પરિણામ આજના ભારતમાં ચોતરફ દેખાય છે.

ગાંધીજીએ સંબંધોનું સ્વરૂપ બદલવાનું સૂચવ્યું છે. વ્યક્તિનો જાત સાથેનો સંબંધ બદલાય એ કેળવણીનું પ્રથમ લક્ષ્ય હોવું જોઈએ. તો સોક્રેટીસે કહ્યું છે તેમ 'આત્મનિરક્ષણ વિનાનું જીવન વ્યર્થ છે.' એ સમજાય. મનુષ્ય અન્ય પ્રત્યે ખુલ્લો અને પારદર્શક ત્યારે જ બને જ્યારે સ્વ પ્રત્યે ખુલ્લો અને પારદર્શક હોય. એ માટે આત્મનિરીક્ષણ પ્રથમ પગલું છે. જો વિદ્યાર્થી આત્મનિરીક્ષણ કરતો થાય તો તેનો સ્વ સાથેનો સંબંધ બદલાય. નારાયણ દેસાઈએ ગાંધીજીના વ્યક્તિત્વ વિકાસનાં ત્રણ સોપાન ગણાવ્યાં છે : (૧) આત્મનિરીક્ષણ (૨) આત્મપરીક્ષણ અને (૩) આત્મશુદ્ધિ.

આત્મનિરીક્ષણ પછી આત્મપરીક્ષણ આવવું જોઈએ. જાતને નિર્મમ રીતે તપાસવી, પોતાની નાની સરખી અશુદ્ધિ કે મર્યાદાને પારખવી એ જરૂરી પ્રક્રિયા છે. ગાંધીજીની પહેલાંના સમયમાં આ સઘળું સાધુ અને સંતો માટેનો વિષય ગણાતો હતો. ગાંધીજીએ એને વ્યવહારજીવનનો (મનુષ્ય માત્ર માટેનો) વિષય ગણ્યો. પ્રત્યેક મનુષ્ય માટેની નિસ્બત ગણી. એટલે એને શિક્ષણનો ભાગ ગણ્યો.

આત્મપરીક્ષણ પછીનું પગલું છે આત્મશુદ્ધિનું. વ્યક્તિ જાણે, પરંતુ એને આચરણમાં ન મૂકે તો એ અધૂરી કેળવણી છે, એમ ગાંધીજી માનતા હતા. પોતાની અશુદ્ધિઓને પારખ્યા પછી એને શુદ્ધ કરવા માટે સ્પષ્ટતા અને સંકલ્પશક્તિ કેળવવાનાં છે. એટલે ગાંધીજીએ અગિયાર મહાવ્રતોનું નમ્રતાથી પાલન કરવાનું કહ્યું હતું. આ વ્રતો સૂચવે છે કે વ્યક્તિએ સ્વ સાથે કેવો સંબંધ રાખવાનો છે. દેહમાં જ બંધાઈ ન રહેવું પણ દેહથી ઉપર ઊઠવું, સ્વમાં બદ્ધ ન રહેવું પણ સર્વ સુધી વિસ્તરવું એની પસંદગી શીખવે એ ખરી કેળવણી છે. ગાંધીજીએ એને નઈ તાલીમ ગણાવી. કારણ કે જૂની તાલીમ આવું નથી શીખવતી - ભલે એ ચલાવનાર મૅકોલે હોય કે ભારતીય હોય.

વિજ્ઞાન જેમ પ્રયોગજન્ય હોય છે, દરેક જગ્યાએ અને સર્વને લાગુ પડતું હોય છે, તેમ ગાંધીજીના કેળવણીદર્શનમાં આ સંબંધસ્વરૂપ

વૈજ્ઞાનિક રીતે વિચારાયું છે. એ સાર્વજનીન છે, વૈશ્વિક છે. અશુભ ચિંતન કે સંકુચિત મનોવૃત્તિ વ્યક્તિને પતન તરફ લઈ જાય છે એ જગતભરનો અનુભવ છે. એટલે વ્યક્તિ શું વિચારે છે, વ્યક્ત કરે છે અને અમલમાં મૂકે છે તે અંગે સાવધ બનાવે એ કેળવણીનો પાયાનો ઉદ્દેશ છે. એ થાય તો સ્વ સાથેનો સંબંધ ઊર્ધ્વીકરણનો બને. લોભ, ઈર્ષા અને અહંકારમાંથી મુક્તિ મળે.

આ અંગે આજની ભારતીય કેળવણી રચનામાં ભાગ્યે જ વિચાર થયો છે. વિપશ્યના, જીવનવિદ્યા, આર્ટ ઑફ લીવિંગ વગેરેના વ્યક્તિગત પ્રયોગો થયા છે; પરંતુ વ્યાપક ભૂમિકા ઉપર શિક્ષણમાં એનો સ્વીકાર નથી થયો. એથી સંકુચિત રાષ્ટ્રવાદ, અંધ સાંપ્રદાયિકતા, અપાર ભ્રષ્ટાચાર, અસહાયક કે અસંગઠિતનું શોષણ, પ્રકૃતિ સાથેનો વિચ્છેદ અને સામાજિક નિસ્બતનો અભાવ ચારે બાજુ જોવા મળે છે. ગાંધીદર્શન પ્રમાણે શિક્ષણમાં પ્રથમ પગલું છે સ્વ સાથેનો સંબંધ બદલાય.

**૨. મનુષ્યનો સમાજ સાથેનો સંબંધ :**

મનુષ્ય એકલો રહી શકતો નથી. સમાજ સાથે તેને જોડાવાનું થાય જ છે. એટલે એનો સંબંધ કેવો હોય એ શિક્ષણ ચિંતનનો ભાગ બને છે. ગાંધીજીએ અધિકારોને બદલે કર્તવ્ય ઉપર ભાર મૂક્યો. મનુષ્યનો સમાજ સાથેનો સંબંધ પોષક અને જવાબદારીનો હોવો જોઈએ. સમાજ બગડે અને વ્યક્તિ સુખી થાય કે શાંતિ પામે એવું બની ન શકે. એટલે સમાજ પ્રત્યેની વ્યક્તિની જવાબદારી કેળવાવી જોઈએ. અકબર-બીરબલની કથામાં હોજમાં એક ઘડો દૂધ રેડવાનો આદેશ હતો છતાં બીજા દિવસે સવારે હોજ માત્ર પાણીથી ભરેલો હતો. કારણ કે દરેકે માન્યું હતું કે બાકીના સૌ તો દૂધ રેડશે તો મારા એક ઘડા પાણીથી કાંઈ વાંધો નહિ આવે. આ મનોવૃત્તિમાંથી વ્યક્તિ સમાજનિષ્ઠાને આઘાત પહોંચાડે છે.

એટલે ઘડતરકાળથી જ એવો સંસ્કાર સ્થિર થવો જોઈએ કે સૌ માટે સૌએ મળીને કરેલા નિર્ણયો સૌ સ્વેચ્છાએ પાળે તો આખા સમાજનું સ્વાસ્થ્ય જળવાય. ગાંધીજીએ શિક્ષણમાં સામાજિક અનુબંધ થવો જોઈએ એમ કહ્યું એનો અર્થ એ કે વર્ગખંડના સિદ્ધાંતો અને જિવાતા જીવનને સાથે મૂકીને ચકાસવાં જોઈએ. આજે વિદ્યાર્થી જુદાં જુદાં બળતણ (પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, ગૅસ, કોલસો વગેરે) અંગે ભણે છે, તેના આંકડા યાદ રાખે છે, પરંતુ એના વાજબી વપરાશમાં પોતાની પણ જવાબદારી છે એમ ભાગ્યે જ વિચારતો થાય છે. કારણ કે જ્ઞાનનો જીવન સાથે અનુબંધ નથી થતો. એથી વિદ્યાર્થીની એવી સમજ વિકસતી નથી કે મારાં સામાજિક કર્મો ઈષ્ટ હોવાં જોઈએ. મારાં કર્મોની સમાજને બગાડવામાં કે સારા થવામાં અસર પડે છે. આ સભાનતા અને સાવધતા ગાંધીજીના જીવનમાં પ્રત્યેક ક્ષણે રહેતી. એથી તેમણે શિક્ષણના સામાજિક અનુબંધ ઉપર ભાર મૂક્યો.

એમાંથી જીવાતા જીવનના પ્રશ્નોને વિદ્યાર્થી વાજબી રીતે પારખતો થાય છે અને એના ઉકેલો વિશે સમજતો અને શીખતો થાય છે. એમાંથી જાતે ઉપાયો વિચારતો થાય છે. ત્યારે વિદ્યા ફલવતી બને છે. સાચું કહીએ તો સામાજિક કર્તવ્યો અંગેની ઉપેક્ષામાંથી ભારત ગુલામ બન્યો હતો. ગાંધીજીએ ચંપારણ, ખેડા, બારડોલી, નમક

સત્યાગ્રહ અને હિંદ છોડો ચળવળમાં પ્રજાને સામાજિક કર્તવ્યો અંગે સભાન કરીને સામાન્યમાં સામાન્ય માણસને ભાગીદાર બનાવ્યો હતો. ખાદી-ગ્રામોદ્યોગ, સ્વદેશી, ટ્રસ્ટીશિપના વિચારો પાછળ આ દર્શન છે. ગાંધીજીએ સર્વોદય (છેલ્લામાં છેલ્લા માણસોનો ઉદય)નું દર્શન આપ્યું તેનો પાયો સમાજનિષ્ઠા છે, તેનો આધાર બંધુતા છે. આજના શિક્ષણની મર્યાદા એ છે કે સામાજિક કર્તવ્યો દૃઢ કરવાને એ પોતાની કામગીરી ગણતું નથી. એટલે વિદ્યાર્થી ચાલાક અને હોંશિયાર તો બને છે પરંતુ સમાજધર્મ અંગે જાગ્રત થતો નથી.

શિક્ષણને પરિણામે રાષ્ટ્રને જવાબદાર નાગરિક મળવો જોઈએ. જવાબદાર નાગરિકત્વ એ લોકશાહીનો પ્રાણ છે. લોકશાહીની વ્યાખ્યા ચૂંટાયેલી સરકાર વહીવટ કરે એટલી ઉપલક ન હોવી જોઈએ. અહિંસક અને શુદ્ધ સાધનો દ્વારા સૌનો ઉદય કેમ થાય એનું રાષ્ટ્રીય આયોજન એ લોકશાહી જીવન પ્રણાલી છે. શસ્ત્રોત્પાદન દ્વારા અમેરિકા પોતાને સમૃદ્ધ બનાવે તો લોકશાહી દેશ હોવા છતાં તેની ઊણપ છે. કારણ કે તે યુદ્ધને પ્રોત્સાહન આપે છે.

ભારતીય સમાજની સૌથી મોટી મર્યાદા સમાજધર્મ પ્રત્યેની ઉપેક્ષા છે. અસ્પૃશ્યતા, ધર્મના બાહ્યાચારનો મહિમા, બહેનોના ગૌરવની અવગણના, શ્રમિકો પ્રત્યેની સૂગ, નિરક્ષરને ઊતરતા ગણવા - આ સઘળું સૂચવે છે કે સદીઓથી આપણે સમાજધર્મ અંગે જાગ્રત નથી. એટલે સૌનાં સુખદુઃખ અંગે બેપરવા રહીએ છીએ. ગાંધીજીએ આ રોગ પારખ્યો અને શિક્ષણમાં તેનો ઉપાય બનાવ્યો. એક રીતે આ મોટી ક્રાંતિ છે કે જે વ્યક્તિગત ગુણો હતા તેને ગાંધીજીએ સમાજધર્મ સ્વરૂપે સ્થાપ્યા અને એને સંસ્કારરૂપે સ્થિર કરવા નઈ તાલીમનું દર્શન આપ્યું.

ગાંધીજીએ આ એક મહાન વિચાર આપ્યો કે વ્યક્તિનો સમાજ સાથે આવો જવાબદારીનો નવો સંબંધ બંધાવો જોઈએ. તેના કેન્દ્રમાં કર્તવ્યભાન હોય. આજે ૧૩૦ કરોડની વસ્તીના વિશાળ ભારતમાં આ તત્ત્વની ઊણપને કારણે ચારે બાજુ પ્રશ્નો જ પ્રશ્નો અનુભવીએ છીએ. દૈનંદિન જીવનમાં શોષણ, બળાત્કાર, હિંસા, જૂઠ, છેતરપિંડી, અજંપો, સંબંધોમાં તિરાડ અને અવિશ્વાસ રૂપે એ સઘળું પ્રગટ થાય છે. કારણ કે આપણાં પરિવારો કે વિદ્યાલયોએ સમાજધર્મની ખિલવણી માટે પૂરતા પ્રયત્નો નથી કર્યા. વ્યક્તિનો સમાજ સાથેનો કેવો સંબંધ ઈષ્ટ ગણાય એ અંગે કાળજી નથી લીધી. એટલે કહી શકાય કે વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ બદલાય, એને અનુકૂળ એવું શિક્ષણ આપે તે નઈ તાલીમ છે.

### ૩. મનુષ્યનો પ્રકૃતિ સાથેનો સંબંધ :

આજના માણસનો પ્રકૃતિ (સજીવ-નિર્જીવ બંને) સાથેનો સંબંધ ઉપભોગનો છે, અધિકારનો છે, સ્વચ્છંદ વેડફાટનો છે. જાણે યયાતિવૃત્તિને છૂટો દોર મળ્યો છે. છેલ્લાં ૩૭૫ વર્ષમાં માણસે પ્રકૃતિ સાથેનો સંબંધ માલિકીભાવનો રાખ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી સાધન અને ઉત્પાદનમાં અસાધારણ પ્રગતિ થઈ છે. છેલ્લી પચ્ચીસીમાં તો કલ્પ્યાં નહોતાં એવાં ઉપકરણો મળ્યાં છે.

પરંતુ પ્રકૃતિ સાથેના સંબંધમાં જાગૃતિ અને સહકારનો ભાવ દેખાતો નથી. એમાંથી પર્યાવરણની અસમતુલા, ગ્લોબલ વૉર્મિંગ, ઓઝોન છતમાં ગાબડું વગેરે સર્જાયાં છે.

અમેરિકામાં કારમી ઠંડી પડે, જર્મનીમાં અસાધારણ તાપમાન વધે, અનાજ-હવા-પાણીનું પ્રદૂષણ, વનોનો બેફામ વિનાશ, ધરતીને ધાવવાને બદલે ચૂસવાની મૂર્ખાઈ - આ અને આવા ઈશારા દર્શાવે છે કે માણસનો પ્રકૃતિ સાથેનો સંબંધ સ્વાર્થનો, અકરાંતિયાપણાનો અને વિકૃત બન્યો છે. હવે એનાં જોખમો વૈશ્વિક રીતે છતાં થઈ રહ્યાં છે.

આજે પર્યાવરણના, જળ-જમીન-હવાના પ્રશ્નો વિકટ અને સર્વનાશી બની રહ્યા છે. એટલે ગાંધીજીએ એને શેતાની સંસ્કૃતિ રૂપે ઓળખાવી હતી. નારાયણ દેસાઈએ આ મનોવૃત્તિને 'લઉં લઉં - ખાઉં ખાઉં સંસ્કૃતિ'રૂપે ઓળખાવી છે. વધુમાં વધુ પેદા કરો, વાપરો અને વેડફો એની ફૅશન બની ગઈ છે. ગાંધીજીએ ૧૯૦૯માં 'હિન્દ સ્વરાજ'માં એ જોખમ વર્ણવ્યું હતું. પરંતુ ત્યારે માનવજાતને એની ભીષણતા પૂરી સમજાઈ નહોતી.

એટલે પ્રકૃતિ સાથેનો નિરામય સંબંધ સ્થાપવો જરૂરી છે. ગાંધીજીએ આ પારખ્યું હતું. અને કેવું જીવન સાચું જીવન ગણાય એ પોતાના અને આશ્રમવાસીઓના જીવન દ્વારા દર્શાવ્યું હતું. સ્વૈચ્છિક સંયમ અને સ્વૈચ્છિક સાદગી ઉપર તેમણે ભાર મૂક્યો. એને શિક્ષણમાં અવતારવા માટે પ્રકૃતિ સાથેનો નવો - સંવાદી સંબંધ જોડવાની વાત કરી. પર્યાવરણવિદોએ ભાખવા માંડ્યું છે કે આજની રીતે જીવશે તો માણસજાત પાસે દસબાર વર્ષ જ છે. આ પસંદગી ઘડતરકાળમાં વિદ્યાર્થીઓને શીખવવી જોઈએ. તો તેમનો સંબંધ વધુ સહજ, સ્વાભાવિક અને પરસ્પર પોષક બની શકે.

એક તરફ અતિ વસ્તી છે. કુદરતનાં સંસાધનો ખૂટતાં જાય છે, કુદરતી સાઈકલ તૂટતી જાય છે, ત્યારે બને ત્યાં સુધી કુદરતને ઘસારો ન આપવો કે થયેલ ઘસારાની પૂર્તિ કરવી એ યજ્ઞમય જીવન છે. એવું દર્શન આપીને ગાંધીજીએ પ્રકૃતિ સાથે મનુષ્યનો નવો સંબંધ કેવો હોય એ સૂચવ્યું છે. વિદ્યાર્થીને ઘડતરકાળમાં એને અનુકૂળ એવી સુટેવો પડે, નરવાં વલણો કેળવાય અને સાચી દૃષ્ટિ મળે તો એવું શિક્ષણ સાચું ગણાય. એ દૃષ્ટિએ આખી શિક્ષણરચનાનો પુનઃવિચાર કરવાની આવશ્યક્તા છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કક્ષા અનુસાર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ અલગ અલગ હશે; પરંતુ તમામ તબક્કે દૃષ્ટિ અને સમજ તો આ જ હશે.

એટલે શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ પણ બદલાવો જોઈએ. આજનો બજારુ સંબંધ યોગ્ય નહિ ઠરે. શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ નિર્વ્યાજ સ્નેહનો જ હોઈ શકે. તો શિક્ષક આ સઘળાં અંગે વિદ્યાર્થીને પ્રેરી શકશે. એટલે ગાંધીજીએ શિક્ષણમાં સહજીવન ઉપર ભાર મૂક્યો. જાણે કે વિદ્યાલય એ સમાજની નાની આવૃત્તિ હોય એમ ગણીને વિદ્યાર્થીના ભાવો, વલણો, વિચારણા સર્વકલ્યાણકારક બને એના પર ભાર મૂકાયો છે. તો જ એ નઈ તાલીમ છે.

ગાંધીજી આ પારખી શક્યા હતા અને સમગ્ર રાષ્ટ્રની શિક્ષણરચનામાં એને અવતારવા માટે નઈ તાલીમનું દર્શન આપ્યું હતું. સ્વરાજ પછીના નીતિનિર્ણાયકો એ અંગે જાગ્રત ન રહ્યા, ગાંધીદર્શનની ઉપેક્ષા કરી, વિચારણામાં એકાંગી બન્યા તેથી જૂની શિક્ષણરચના જ થોડા નામ-ફેરે ચાલુ રાખી. એથી આજે ભણેલાઓ કરોડો છે. પણ જવાબદાર, દૃષ્ટિપૂત નાગરિકો બહુ ઓછા છે. પ્રકૃતિની જાળવણી એ સૌથી પવિત્ર ફરજ છે એવી સભાનતાવાળા નાગરિકો તો અતિ જૂજ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# ગાંધીજી ગુજરાતી ભાષા માટે બહુ સભાન હતા

- અજય મો. નાયક

ચાલુ વર્ષથી રાજ્ય સરકારે તમામ શાળાઓમાં ગુજરાતી વિષય શીખવાડવાનું ફરજિયાત કર્યું છે. હજી તેનો વિધિવત્ અમલ નથી શરૂ થયો એ અલગ વાત છે. સવાલ એ છે કે શા માટે આ ફરજિયાત કરવું પડ્યું? ગુજરાતી ભાષાનો ઉપયોગ કરતાં શરમ આવવા માંડી છે. તેમાં મારા તમારા બધાંનો સમાવેશ થાય છે. ગુજરાતી ભાષા માટે ચિંતા વ્યક્ત કરતાં વિદ્વાનો, સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ સમયાંતરે નિવેદનો બહાર પાડીને સંતોષ માની લે છે. જો આપણી માતૃભાષા ઘસાઈ રહી હોય કે તેનું ગૌરવ ઓછું થઈ રહ્યું હોય તો એ માટે જવાબદાર કોણ? જવાબ છે આપણે બધાં જ અને રાજ્ય સરકાર.

હકીકતમાં ગુજરાતીઓ દ્વારા જ ગુજરાતી ભાષાનું ગૌરવ ઘટાડવામાં આવી રહ્યું છે. ગુજરાતી બોલતાં શરમ આવે છે, ગુજરાતીમાં વાતચીતને નાનમ ગણાય છે, ગુજરાતી નહીં જાણનાર પોતાને તેનું સ્ટેટસ ગણે છે. અંગ્રેજી ભાષા એના સ્થાને છે. ભણવામાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે એ જરૂરી છે પણ માતૃભાષા પણ એટલી જ જરૂરી છે.

ગાંધીજી ગુજરાતી ભાષા પ્રત્યે બહુ સભાન હતાં. ગુજરાતી ભાષા નહીં બોલવા માટે ગાંધીજીએ પ્રખ્યાત શિલ્પકાર કાંતિ પટેલને દંડ ફટકારેલો. કાંતિભાઈએ કરેલી આ વાત છે. નવજીવન ટ્રસ્ટના મુખપત્ર - નવજીવનમાં આ વાત કાંતિભાઈએ જ લખી છે. કાંતિભાઈ જણાવે છે કે ગાંધીજી સેવાગ્રામ આશ્રમ, વર્ધા ખાતે રહેતાં હતાં ત્યારે તેમનું રેખાચિત્ર બનાવવા કાંતિભાઈ ત્યાં ૧૧ દિવસ રોકાયા હતા. ગાંધીજીની કુટિર બહાર બારીમાં ઊભા રહીને તેઓ ચિત્ર બનાવતાં હતાં. ગાંધીજીને મળવા અનેક મુલાકાતીઓ આવતાં હતાં. કાંતિભાઈને ચિત્ર બનાવતાં તકલીફ પડતી હતી. આથી તેમણે બાપુને કહ્યું કે ઘણાં મુલાકાતીઓ આવતાં હોવાથી તેઓ ડિસ્ટર્બ થઈ જાય છે. એટલે જો તેમની કુટિરમાં બેસવાનું મળે તો સારું. હજી કાંતિભાઈ તેમનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ ગાંધીજી બોલી ઊઠ્યા કે ડિસ્ટર્બ એટલે શું? ગાય, ઘોડું, ગધેડું, ભેંસ? અંગ્રેજી લોકો તેમની ભાષામાં વચ્ચે ગુજરાતી શબ્દો બોલે છે? આપણને આપણી ભાષાનું સ્વમાન હોવું જોઈએ. જાઓ તમને હું બે આના દંડ કરું છું. આશ્રમમાં આ નિયમ દાખલ કર્યો છે અને તમે પહેલાં ઝડપાયા છો.

કાંતિભાઈ આગળ જણાવે છે કે ભાષા માટે ગાંધીજીની લાગણી આ પ્રકારની હતી. ગાંધીજી પોતાના અંગ્રેજી માધ્યમના અનુભવ અંગે 'મારા સ્વપ્નનું ભારત' પુસ્તકમાં લખે છે કે તેમને ૧૨ વર્ષની વય સુધી માતૃભાષા મારફતે શિક્ષણ મળેલું. ત્યાર બાદ અંગ્રેજી ભાષામાં શિક્ષણ શરૂ થયું. ગાંધીજી ભૂમિતિ, બીજગણિત, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ બધું જ અંગ્રેજીમાં શીખવા માંડ્યા. તેમને મુશ્કેલી પડવા લાગી. એટલું જ નહીં કોઈ છોકરો વર્ગમાં

તેને સમજાતી ગુજરાતી બોલે તો પણ તેને સજા થતી. પરિણામે છોકરાઓને ગોખીને મોઢે કરવું પડતું. તેમને તે પૂરું સમજાતું પણ નહીં. શિક્ષક તેમને ભૂમિતિ સમજાવવાની મથામણ કરે પણ વિદ્યાર્થીઓના મગજમાં તે બેસે નહીં. ગાંધીજી કબૂલ કરે છે કે આ વિષય શીખતા તેમને ચાર વર્ષ લાગ્યાં. જો તેઓ ગુજરાતી ભાષા મારફતે શીખ્યા હોત તો એક વર્ષમાં શીખી શકત. વધુ સારી રીતે ગ્રહણ કરી શકત. કુટુંબમાં પણ અંતરાય ઊભો થવા માંડ્યો. ગાંધીજી શું કરતાં તેની તેમના પિતાને ખબર પડતી નહીં. તેમના પિતાને અંગ્રેજી આવડતું નહોતું એટલે તેઓ તેમને શિખવાડી શકતા નહોતાં. પોતાના ઘરમાં જ તેઓ જાણે પરાયા થઈ ગયા હોય તેવો ભાવ તેમના મનમાં આવી ગયો હતો.

ગાંધીજીએ પોતાનો જે અનુભવ જણાવ્યો છે તે કદાચ હાલમાં અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોને પણ એટલો જ લાગુ પડે છે. હવે સવાલ એ છે કે ગાંધીજી જેવા પણ પોતાની માતૃભાષા માટે આ પ્રકારે વિચારતા હોય તો આપણે, આપણાં સાહિત્યકારો, ચિંતકો, રાજકારણીઓ, શિક્ષણશાસ્ત્રીઓ આ દિશામાં કેમ નથી વિચારતાં?

દક્ષિણના ચાર રાજ્યોમાં અને બંગાળમાં ત્યાંની ભાષા કેજી કહો કે બાલમંદિરથી જ શીખવી ફરજિયાત છે. ભાષા કેવી રીતે ટકે તેનું આ ઉદાહરણ છે. ગુજરાતી ભાષા બાળક શીખે નહીં તો તેનો વસવસો આપણા ગુજરાતી મા બાપને થતો નથી. એટલી દરકાર પણ નથી કે શાળા ભલે અંગ્રેજી હોય પણ ઘરે તો ગુજરાતી ભાષા શીખવી શકાય.

હવે વાત આવે છે સરકારની. મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા ભવનના નિર્માણ માટે મુંબઈના વૈભવી વિસ્તારમાં જગ્યા આપી દીધી છે. ૮૦ કરોડનો ખર્ચ આ માટે થશે. આ ભવનમાં મરાઠી ભાષાના વિકાસ, તેના સંરક્ષણ અને બચાવ કામગીરી થશે. ગુજરાતી ભાષા માટે એવું કંઈ થાય તેની કલ્પના જ કરવી રહી! જ્યાં સુધી લોકોને પોતાની ભાષાનું ગૌરવ થાય નહીં ત્યાં સુધી આ પ્રકારની અપેક્ષા રાખવી વધુ પડતી છે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૧ થી ચાલુ)

ક્વિલોનમાં પ્રવચન કરતી વખતે ગાંધીજીએ ઈશાવાસ્ય ઉપનિષદના પ્રથમ મંત્રનો મહિમા કરતાં કહેલું : '... અને હું એવા આખરી તારણ પર આવ્યો છું કે જો બધાં ઉપનિષદો અને શાસ્ત્રો એકાએક બળીને રાખ થઈ જાય અને માત્ર ઈશોપનિષદનો પ્રથમ મંત્ર (ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્! તેન ત્યક્તે ભુંજીથાઃ મા ગૃધઃ કસ્ય સ્વિદ્ધનમ્॥) હિંદુઓની સ્મૃતિમાં સચવાઈ રહે તો હિંદુત્વ કાયમ જીવતું રહેશે. ('*હરિજન*', ૩૦-૧-૧૯૩૭, પાન ૪૦૫)

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ થી ચાલુ)

ગાંધીજીના આ ક્રાન્ત દર્શનને શિક્ષણમાં અવતારીને જ ભારતનું નવું ભારત બની શકે. સર્વોદયી ભારત બની શકશે. માનવીય વિકાસની નવી ઊંચાઈને આંબી શકશે તો જગત માટેનું ભારતનું આ મહાન પ્રદાન ગણાશે.

ગાંધીજી શિક્ષણદર્શનને યોગ્ય સંદર્ભમાં સમજશું તો કેવું જીવન, કેવું શિક્ષણ, કેવો સંબંધ ઈષ્ટ અને આવકાર્ય ગણાય તે સ્પષ્ટ થઈ શકશે.

# બાપુજી : ખાદીમાં લપેટાયેલું અનોખું વ્યક્તિત્વ

- મહેબૂબ દેસાઈ

૧૯૫૪ની સાલ હતી. ગાંધીજીની વિદાય છતાં ભારતની હવામાં હજુ ગાંધીવિચારો ધબકતા હતા. યુવાનોમાં ગાંધીઘેલછા પ્રસરેલી હતી. એવા યુમગાં એક યુવાનની શાદીની શહેનાઈ ધામધૂમથી વગાડવાની તેની માતાની મનોકામના અધૂરી રહી ગઈ. નવ વર્ષની વયે યુવાનના પિતાનું અવસાન થયું હતું. માએ કષ્ટો વેઠીને પુત્રને ઉછેર્યો હતો. એટલે પુત્રના નિકાહ ધામધૂમથી કરવા મા ઉત્સુક હતી પણ યુવાન ગાંધીરંગે રંગાયેલો હતો. શ્રી મનુભાઈ પંચોળી, શ્રી વજુભાઈ શાહ અને શ્રી લલ્લુભાઈ શેઠ જેવા ગાંધીજનોના સંગમાં તાલીમ પામેલો હતો. તે હંમેશાં કહેતો,

‘સ્વ માટે તો સૌ જીવે, પણ સૌ માટે જે જીવે તે સાચું જીવન.’

અને એટલે જ યુવાને પોતાની માતાને કહી દીધું હતું.

‘મા, મારી શાદીમાં ખોટા ખર્ચા ન કરશો. શાદીની ઉજવણી પાછળ થનાર ખર્ચ જરૂરતમંદોમાં વહેંચી દેજો.’

માએ કમને પુત્રની ઈચ્છા સ્વીકારી અને મનને એમ કહી મનાવી લીધું કે ‘ભલે બેટા, ધામધૂમ નહિ કરીએ, પણ નવાં કપડાં અને તાજાં ગુલાબનાં ફૂલોનો સહેરો (હાર) તને પહેરાવી શાદીનો આનંદ માણીશું.’

યુવકે તેનો પણ સઆદર અસ્વીકાર કર્યો અને કહ્યું,

‘ગુલાબનો સહેરો નહિ પહેરું, નવાં કપડાં પણ નહિ પહેરું, માત્ર ખાદીનાં કફની, લેંઘો, ચંપલ અને ગળામાં સૂતરની આંટી પહેરીને જ નિકાહ પઢવા જઈશ.’

નાનકડા ગામ વંડામાં વાત પ્રસરી ગઈ. ગફાર તો ખાદીની કફની-લેંઘો અને સૂતરની આંટી પહેરી ચાલતો નિકાહ પઢવા જવાનો છે. ગામમાં જોણું થયું. ગફારનો નવી તરહનો વરઘોડો જોવા ગામ આખું ભેગું થયું. ગફારને તેની જરા પણ પડી ન હતી. ગોરો વાન, દૂબળો-પાતળો ઊંચો બાંધો, આદર્શોમાં રાચતી આંખો, સફેદ ખાદીની કફની, એડીથી ઊંચો પહોળો લેંઘો, પગમાં ચંપલ અને ગળામાં સૂતરની આંટી ધારણ કરી લાંબાં ડગલાંઓ ભરતો ગફાર વટથી નિકાહ પઢવા નીકળ્યો અને નિકાહ સંપન્ન થયા.

દસકાઓ વીત્યા. યુગ બદલાયો. નવા વિચાર પ્રસર્યા. જિંદગીના ઉતાર-ચડાવમાં ગફારે ઘણા અનુભવો મેળવ્યા. ચહેરા પર પ્રૌઢ રેખાઓ ઉપસી આવી. સંઘર્ષોએ ગફારભાઈને યારી આપી. તંગીના દિવસો બદલાયા. નાણાંની ભરતીથી ગફારભાઈને ખુદા એ નવાજ્યા, છતાં ગફારભાઈ ન બદલાયા. સાદગી, સદ્ભાવ અને સૌને માટે જીવવાની ભાવના અકબંધ રહી. એ જ સફેદ ખાદીની કફની, એડીથી ઊંચો પહોળો લેંઘો, પગમાં ચંપલ, પ્રૌઢ ચહેરા પર મીઠી મુસ્કાન અને મધુરવાણી ગફારભાઈની પહેચાન બની ગયાં. જો હવે સૌ ગફારભાઈને ‘બાપુજી’

કહેવા લાગ્યા હતા. એક દિવસ બાપુજી કાર્યક્રમમાં હાજરી આપવા જતા હતા. પોતાની કારમાં શેઠની જેમ પાછળ બેસવા કરતાં ડ્રાઈવરની બાજુમાં બેસવાનું બાપુજીને ગમતું, કારણ કે છેલ્લાં વીસ વર્ષથી ડ્રાઈવર તરીકે કાર્ય કરતો અનિલ તેમના સ્વજન જેવો બની ગયો હતો. કાર પૂરપાટ દોડી રહી હતી. ત્યાં જ તેમની નજર ૩૦-૩૫ ગણવેશધારી શાળાના વિદ્યાર્થીઓ પર પડી. ભરબપોરે ઓશિયાળા ચહેરે બાળકોને ઊભેલાં જોઈ બાપુજીએ કાર ઊભી રાખી. કારમાંથી બહાર આવી તેઓ વિદ્યાર્થીઓ પાસે આવ્યાં. બાળકના માથે હાથ ફેરવતાં બાપુજીએ પૂછ્યું,

'દીકરાઓ, આવા ભરતડકામાં અહીંયા કેમ ઊભા છો?'

'દાદા, સામે જ અમારી શાળા છે. અમે ફી નથી ભરી એટલે અમને સ્કૂલમાંથી કાઢી મૂક્યા છે.'

'ફી નથી ભરી તો મા-બાપને સજા કરવી જોઈએ. તમારાં જેવાં માસૂમ ભૂલકાંઓને થોડી સજા કરાય?'

આટલું બોલતાં તો બાપુજીનો અવાજ ભીનો થઈ ગયો. વ્યથિત હૃદયે લાંબાં ડગલાં ભરતાં તેઓ સ્કૂલમાં પ્રવેશ્યા.

'ક્યાં છે આ શાળાના આચાર્ય?'

ખાદીના સફેદ કફની-લેંઘાધારી વૃદ્ધને જોઈ આચાર્ય દોડી આવ્યા.

'વડીલ, હું આચાર્ય છું. આવો, મારી રૂમમાં બેસી શાંતિથી વાત કરીએ?'

'આચાર્ય સાહેબ, આપની ચેમ્બરમાં જરૂર બેસીશું, પણ ફી ન ભરનાર મા-બાપને સજા કરવાને બદલે તમે આવાં માસૂમ બાળકોને શા માટે સજા કરો છો? સૌ પ્રથમ તમે એ બાળકોને ક્લાસમાં બેસાડો પછી આપણે તમારી ચેમ્બરમાં બેસીએ.'

ખાદીધારી વૃદ્ધની વિનંતીને સ્વીકારી આચાર્ય થોડા શરમાયા. બાળકોને તરત વર્ગમાં બેસાડવા સૂચના આપી પછી પોતાના રૂમ તરફ બાપુજીને દોરી જતાં બોલ્યા,

'વડીલ, ૩૫ વિદ્યાર્થીઓના ફીના લગભગ પાંત્રીસ હજાર બાકી છે. અમારે પણ શાળા ચલાવવા પૈસાની જરૂર તો પડે જ ને. એટલે બાળકો પર જરા સખતી કરવી પડી છે.'

આચાર્યની ચેમ્બરમાં ખુરશી પર સ્થાન લેતાં બાપુજીના ચહેરા પર આછું સ્મિત પથરાઈ ગયું અને મનોમન તેઓ બોલી ઊઠ્યા,

'આટલી રકમ માટે માસૂમ બાળકોના લાખ લાખ રૂપિયાના ચહેરાને તડકામાં રતૂમડા કરાતા હશે?'

અને બાજુમાં ઊભેલા ડ્રાઈવર અનિલને કહ્યું,

'અનિલ, જરા વિદ્યાર્થીઓની ફીના રૂ. પાંત્રીસ હજાર ભરવાની વ્યવસ્થા કરશો?'

અનિલે તરત સંદેશો આપ્યો. એકાદ કલાકમાં પાંત્રીસ હજારનો ચેક આચાર્યના ટેબલ પર આવી પડ્યો. ત્યારે આચાર્ય બાપુજી અને ચેકને હતપ્રભ નજરે તાકી રહ્યા પણ બાપુજી તો,

'પૈસાના વાંકે છોકરાઓને હવે પછી આવી સજા ક્યારેય ન કરશો.'

એમ કહી લાંબા ડગલાં ભરતાં હવામાં ઓગળી ગયા.

આવી ઘટનાઓની બાપુજીના જીવનમાં નવાઈ ન હતી. પણ તેને યાદ કરવાનું તેઓ ક્યારેય પસંદ ન કરતાં. બાપુજી હજયાત્રાએ ગયા. આમ તો હજયાત્રાએ જનાર પોતાનું તમામ દેવું, કરજ ચૂકતે કરીને જતા હોય છે.

પણ બાપુજીના કેસમાં આથી ઊલટું થયું. હજયાત્રા દરમ્યાન કાબા શરીફની પરિક્રમા કરતાં કરતાં બાપુજીના મનમાં વિચાર ઝબક્યો.

'૨૦ લાખ રૂપિયા જુદા જુદા માણસો પાસેથી લેવાના નીકળે છે. એ તમામને તાલમાં રાખી હું તો નિરાંતે હજ પઢી રહ્યો છું. મારે તે લેણું માફ કરીને આવવું જોઈતું હતું.'

અને કાબા શરીફની પરિક્રમા પછી બાપુજીએ એ વિચારને અમલમાં મૂક્યો. કાબા શરીફ સામે ઊભા રહી તેમણે અલ્લાહના નામે તે તમામ લેણું માફ કરી દીધું. હજયાત્રાએથી પરત આવ્યા પછી એક દિવસ એક હિન્દુ સ્વજન પ્લાસ્ટિકની થેલીમાં રૂપિયાની થોકડીઓ લઈને આવ્યો અને બાપુજીની સામે મૂકતા બોલ્યો,

'બાપુજી, આ આપની અમાનત રૂ. પાંચ લાખ. આપની પાસેથી ઉછીના લીધા હતા. પણ હવે મારે તેની જરૂર નથી. એટલે પરત કરવા આવ્યો છું.'

બાપુજીએ એક નજર એ વ્યક્તિ અને પ્લાસ્ટિકની થેલી પર નાખી, પછી ગોરા ચહેરા પર સ્મિત પાથરતાં કહ્યું,

'હરિભાઈ, મેં તો ખુદાના દરબારમાં આ રકમ માફ કરી દીધી છે. એટલે તે મારાથી ન લેવાય. તમારે ખુદાની રાહમાં જ્યાં તેને ખર્ચવી હોય, ત્યાં તે ખર્ચી શકો છો?'

અને ૭૨વર્ષના બાપુજી લાંબાં ડગલાં માંડતાં હવામાં ઓગળી ગયા. ત્યારે તેમના જીવન આદર્શનું પેલું સૂત્ર હવામાં ચોમેર સુગંધ પ્રસરાવી રહ્યું હતું.

''સ્વ માટે તો સૌ જીવે પણ સૌ માટે જીવે તે સાચું જીવન.''

**સાભાર - નવનીત સમર્પણમાંથી**

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

''પ્રત્યેક શાળાના કૉમનરૂમમાં કાયમી લખી રાખવા જેવું અવતરણ આપશો?''

''લખો - વર્ગમાં મોડા જવા બદલ પગાર કપાતો નથી તેથી હું વર્ગમાં મોડો/મોડી નહીં પડું, એની ખાતરી રાખજો.''

અને પછી ઊગેલા સવાલ ગોરજની વિચારશિબિર (૧૯૯૩)માં મેં ધર્યા : ''ગુણવંતભાઈ, લીંબુ-ઉછાળ સમયની રાજકીય સત્તા આપને મળે તો શિક્ષણક્ષત્રે કયું પરિવર્તન કરવાનું આપ ઈચ્છો?''

''કોઈ પણ શિક્ષકને, ગમે તે સંજોગોમાં છૂટા ન કરી શકાય - તેવી અતિસલામતી હું રદ કરું. ઉત્તમ શિક્ષકોને મોં-માંગ્યો પગાર આપવાનું હું ઈચ્છું. એજ્યુકેશન શુડ બી ઑન કોન્ટ્રેક્ટ બેઝ. આટલાં પગારધોરણો સુધર્યા પછી, તૈયારી કર્યા વિના વર્ગમાં જવાનો શિક્ષકને અધિકાર નથી.''

''હાલના શૈક્ષણિક અધઃપતન માટે આપ કોને જવાબદાર ઠેરવો છો?''

''સમાજને. સમાજે શિક્ષણને ગંભીરતાથી લીધું નથી તેનું આ પરિણામ છે.''

''આપના પ્રવૃત્તિ-સાતત્યનું રહસ્ય?''

''માંહ્યલાને ધરવ થાય એવાં જ કામ કરવાનો છંદ લાગે પછી આળસ ટકી શકતી નથી!''

જેમનો માંહ્યલો સદા મ્હોરતો રહ્યો છે તે ગુણવંતભાઈના વિચાર-સૂરો ક્યારેય ઘોંઘાટિયા કેમ અનુભવાતા નથી? કારણ કે કૃષ્ણપ્રેમી ગુણવંતભાઇ જીવન-સંગીતના કયા સૂરોને ક્યારે કેમ સંયોજવા ને વહાવવા તે તેઓ સુપેરે જાણે છે ને તેથી જ બૃહદ્ ગુર્જર-ભારતમાં ગૂંજી રહ્યું છે એ શિક્ષકનું જીવનસંગીત! સદા વિકસતા એ કલમધર શિક્ષકને સલામ!

# પોતાને વિશે વલ્લભભાઈ

- સંપાદક : અંબેલાલ ગોપાળજી દેસાઈ

હવે હું આવું કે ન આવું, આપણા ઉપર બિલકુલ આળ ન આવે એટલું સંભાળજો. કોઈ મર્યાદા છોડશો નહીં. ગુસ્સાનું કારણ મળે તોપણ અત્યારે ખામોશી પકડી જજો. ૧

હું બેઠો છું ત્યાં સુધી પ્રજાને નમવા નહીં દઉં. ૨

મારા પર આક્ષેપ થાય તો કંઈ નહીં, મારું હૈયું કઠણ થઈ ગયું છે. ૩

ગુજરાતના ખેડૂતોની નાડ જેટલી હું જાણું છું, એથી વધારે સારી રીતે કોઈ જાણતું નથી. ૪

હું ખેડૂતને જાણું છું એવો મારો દાવો છે. ખેડૂતના દુઃખ હું જાણું છું. ૫

અમારે જિંદગીમાં હવે થોડાં વર્ષ બાકી છે. બધું ખુવાર કરીને બેઠાં છીએ. નથી કરી પૈસાની પરવા કે નથી કરી ઘરબારની પરવા. માબાપની ચાકરીએ નથી કરી કે નથી કરી દીકરા-દીકરીઓની કાળજી. દેશને ખાતર ફનાફાતિયાં કર્યાં છે. ૬

હું કાંઈ આગેવન નથી, હું તો એક સિપાહી છું. હું ખેડૂતનો દીકરો છું. ૭

આજે તમારી પાસેથી ખૂબ તાળી પડાવવી હોય તો તેમ કરતાં મને આવડે છે. એ કળા હું શીખેલો છું ઊભો બળી જાય એવી કડવી ગાળો દેતાં પણ હું શીખેલો છું અને તમને દુઃખ થાય એટલું કડવું બોલી જાણું છું, પણ એ બધાથી હું તમને લાભ કરી શકું ખરો કે? ૮

રચનાત્મક કામમાં રોકાયેલા એક પણ કાર્યવાહકને જેલમાં જવા દેવા હું ખુશી નથી. જેલ તો મારા જેવા રખડતા-ભટકતા માટે અથવા તો જેને રચનાત્મક કામમાં શ્રદ્ધા નથી તેને માટે છે. ૯

હું તો ગાંધીજી પાસેથી ભાંગ્યો તૂટ્યો મેળવેલો સંદેશો તમારી (બારડોલીના લોકો) આગળ મૂકું છું. ૧૦

હું તો ખેડૂત રહ્યો. એક ઘાએ બે ટુકડા કરવાની મારી જન્મની ટેવ છે. ૧૧

તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માગું છું કે મારામાં એ યોગ્યતા આવે. પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે મારામાં એ નથી. એ યોગ્યતા મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી. સાચે જ કહું છું કે તમે પ્રેમના આવેશમાં જે અતિશયોક્તિ ભરેલી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે. તમે સૌ જાણતા હશો કે મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી, પણ ગુરુનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને તેને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું શું કારણ? કારણ કે એનામાં ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું, એનામાં લાયકાત હતી. મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરુ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા

મારામાં નથી એ વિશે મને શંકા નથી. એ યોગ્યતા જો મારામાં હોત તો તમે ભવિષ્યને માટે મારે વિશે જે આશાઓ બતાવી છે તે મેં આજે જ સિદ્ધ કરી હોત. મને આશા છે કે હિંદુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહીં કર્યાં હોય, જેમણે એમના શરીરની નહીં પણ એમના મંત્રની ઉપાસના કરી હશે. આ પવિત્ર ભૂમિમાં કોક તો એવો જાગશે જ. કેટલાક લોકો કહે છે કે ગાંધીજી ચાલ્યા જશે ત્યારે શું થશે? હું એ વિશે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે. ૧૨

બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી. કોઈ અસાધ્ય રોગથી પીડાતો દર્દી પથારીવશ હોય, આ દુનિયા ને પેલી દુનિયા વચ્ચે ઝોલાં ખાતો હોય, તેને કોઈ સંન્યાસી મળે, તે જડીબુટ્ટી આપે અને એ માત્ર ઘસીને પાવાથી દર્દીના પ્રાણ સ્વસ્થ થાય એવી દશા હિંદુસ્તાનના ખેડૂતોની છે. હું તો માત્ર એક સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું. માન જો ઘટતું હોય તો તે જડીબુટ્ટી આપનારને છે.

જેમણે મારા પર જરાયે અવિશ્વાસ નથી રાખ્યો, સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ મને મળ્યા છે. એ પણ મારું કામ નથી. આવા સાથીઓ પાક્યા છે, જેમને સારુ ગુજરાત મગરૂર છે, તે એમનું કામ છે. આમ, જો આ માનપત્રમાંના વખાણ વહેંચી આપવામાં આવે તો બધાં વખાણ બીજાને ભાગે જાય અને મારે ભાગે આ કોરો કાગળ જ રહે એમ છે. ૧૩

હું કાંઈ આગેવાન નથી. હું તો એક સિપાઈ છું. હું તો ખેડૂતનો દીકરો છું. ૧૪

હું અભિમાન રાખું છું કે લડતનો રસિયો મારા જેવો તમારામાંથી એકે નથી. છતાંય હું બીજાને રોકું છું, કારણ આપણામાં નબળાઈઓ ઘણી છે. ૧૫

હું કાયરોને લઈને લડવા નીકળ્યો નથી. હું તો સરકારનો ડર છોડી બહાદુર બન્યો છું, તેમની સાથ ઊભો રહીને લડવા માગું છું. ૧૬

હું ખેડૂત છું. મારી નસેનસમાં ખેડૂતનું લોહી વહે છે. જ્યાં જ્યાં ખેડૂતને દુઃખ પડે છે, ત્યાં ત્યાં મારું દિલ દુભાય છે. ૧૭

હુકમ પાળવાની વાત આવે છે ત્યાં મારા જેવો સિપાઈ બીજો કોઈ નહીં હોય એવો મારો દાવો છે. ૧૮

હું તો ખેડૂત રહ્યો. એક ઘાએ બે ટુકડા કરવાની મારી જન્મની ટેવ છે. ૧૯

કણબી ઊભો બળી જાય એવી ગાળો દેતાં પણ શીખેલો છું અને તમને દુઃખ થાય એટલું કડવું પણ બોલી જાણું છું. ૨૦

હું મહાત્મા નથી. એમને (ગાંધીજીને) તમે મહાત્મા કહો અને મોક્ષને પહોંચેલા માની એમની પાસે ઊભા જ રહો. પણ હું તો તમારા જેટલો જ પાપી છું. મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે. હું ઈચ્છું છું કે સાચે જ મારામાં અંધભક્ત થવાની શક્તિ હોય, પણ તે નથી. હું તો સામાન્ય બુદ્ધિનો દાવો કરનારો છું. મારામાં સમજશક્તિ પડેલી છે, મેં જગત પણ ઠીક ઠીક જોયું છું, એટલે સમજ્યા વિના એક હાથની પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી.

મારી પાસે ઘણાને ઠગીને ધનવાન થાઉં

એવો ધંધો હતો, પણ તે છોડ્યો. કારણ હું એ માણસ પાસે શીખ્યો કે ખેડૂતનું કલ્યાણ એ ધંધો કરીને ન થાય, એને માર્ગે જ થાય. એઓ હિંદુસ્તાનમાં આવેલા ત્યારથી જ હું એમની સાથે છું અને આ ભવમાં તો એમની સાથેનો સંબંધ છૂટે એમ નથી. ૨૧

મને ભારતીય લેનિનની મોટી ઉપાધિ આપવામાં આવી. લેનિન વિશેનું મારું બધું જ્ઞાન પંડિત જવાહરલાલ નહેરુએ લખેલા सोवियेट रशिया નામના નાનકડા પુસ્તકમાંથી મને મળેલું છે. મારે કબૂલ કરવું જોઈએ કે સોવિયેટ સંસ્થાઓની વ્યવસ્થા તથા સોવિયેટ પદ્ધતિ બાબત હું તદ્દન અજાણ છું. ૨૨

હું ખેડૂતોમાં વસનારો એક ખેડૂત છું. ખેડૂતો પાસે હું સ્વચ્છ કામ કરાવવા ઇચ્છું છું, એની સાથે દગો કરવા ઇચ્છતો નથી, એની પાસે દગો કરાવવા પણ ઇચ્છતો નથી. ૨૩

ગાંધીજીની શિખામણને તો તમે સાધુની શિખામણ કહી નાખી દો છો. પણ હું સાધુ નથી. હું તો વહેવાર સમજનારો છું. હું કાંઈ મફત ઘરબાર છોડી, ઉલાળિયો કરીને બેસું એવો નથી. ૨૪

બારડોલીનો અખતરો કરીને હું સૂઈ ગયો નથી. જ્યાં સુધી ખેડૂતોનું દુઃખ મારા દિલમાં વસેલું છે ત્યાં સુધી હું તેને છોડવાનો નથી. ૨૫

હું બારડોલીમાં પોલીસને કહેતો હતો કે, લખોટે, ભમરડે રમો, તમારે સારું અહીં કશું કામ નથી. ૨૬

મારા જેવા ખેડૂતનું તમારા જેવા વક્તાઓ અને રાજનીતિકુશળ પુરુષોમાં સ્થાન નથી. મને ખેડૂતોમાં કામ કરવાની હથોટી છે, અને એમાં મારી શક્તિ અને એ શક્તિની મર્યાદા રહી છે. ૨૭

(ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સ્નેહસંમેલન પ્રસંગે)

(તા.૧૨-૧-૧૯૩૦) તમે મારા જેવા નિરક્ષરને પ્રમુખ તરીકે શા માટે પસંદ કર્યો? તમે સ્નાતકોનું સ્નેહસંમેલન ભરો કે બીજું કોઈ સંમેલન ભરો, કે બીજું કોઈ સંમેલન ભરો, એમાં મારું સ્થાન તો ભાગ્યે જ હોય. હું તો અહીંયા ઘઉંની અંદર કાંકરા જેવો થઈ જાઉં છું. એટલે હું તો દરેકને આ ત્રણ દિવસથી પૂછ્યા કરું છું કે કહો તો ખરા કે હું શું કરું? ૨૮

જો કે બધી જ વખતે કાંઈ મારા ભાગે સરદારી આવવાની નથી. બાકી મારે જ્યારે સિપાહી થવાનું હશે, ત્યારે હું તમને (સ્નાતકોને) બતાવી દઈશ કે સિપાહી કેમ થવાય? ખરું જોતાં સરદારીમાં નહીં પણ સિપાહીગીરીમાં જ સુખ રહેલું છે. ૨૯

ખેડૂતોને ઓળખવા અને જાતે ખેડૂત બનવા મારે વીસ વર્ષનો પાછલો અનુભવ અને સઘળું ભણેલું ભૂલવું પડ્યું. ૩૦

બિહાર વિદ્યાપીઠમાં એક વિદ્યાર્થીએ મને પૂછેલું કે, હિંસા-અહિંસામાં શો ભેદ? મેં કહ્યું કે, यंग इन्डियाનાં પાનાં વાંચજે. મારા શબ્દે શબ્દે હિંસા ઝરે છે, તો એને ક્યાં અહિંસા શીખવું? ૩૧

જાહેર ભાષણો કરવાં મને અનુકૂળ નથી. હું તો સમજી ગયો છું કે માણસોનાં દિલ સુંદર વ્યાખ્યાનોથી હલાવી શકાતાં નથી અને હલાવી શકાય તોપણ ક્ષણ માટે જ. જો કાંઈક ભારે કામ આપણે કરવું હોય તો કરીને જ આપણે બતાવી શકીએ. ૩૨

મને મળવાની, જોવાની, મારો અવાજ સાંભળવાની ઇચ્છા તમને થાય એ ઠીક છે, બાકી મારી દિલની વાણી તો તમને ક્યાં અજાણી છે? એ વાણીના ઉપર જગતમાં કોઈ તાળું મારી શકે એમ નથી. તે તો હું જેલમાં બેઠો હોઈશ તોપણ તમને પહોંચશે અને તમારા હૃદયમાં ઊતરશે. ૩૩

દુશ્મનના હાથમાં હું રમું તેવો નથી. ડાહ્યા માણસે ભૂંડામાં ભૂંડા સંજોગો કલ્પીને ચાલવું એ જ યોગ્ય છે. સરકાર મારી છોકરીને છૂટી રહેલી સહન ન કરી શકી, તો મને તો શું સહન કરી શકે? મારી છોકરીથી એ ડરે તો મારાથી તો ડરે જ ને? ૩૪

હું પોતેય કિસાન છું. કિસાન કુટુંબમાં જન્મ્યો છું. એમાં જ ઊછર્યો છું. કિસાન કુટુંબોની ગરીબાઈનો મેં ઠીક ઠીક અનુભવ લીધો છે. મારા પોતાના જ પરિશ્રમથી અંધારા કૂવામાંથી બહાર આવી હું જગતનો પ્રકાશ જોઈ શક્યો છે. કિસાનોનાં દુઃખોની ઝીણી ઝીણી વાતો હું સારી રીતે જાણું છું. ૩૫

હિંદના સેનાપતિની મને જગા આપી છે. હું ખેડૂત છું. ચોખ્ખી વાત કરીશ. દૂધ અને દહીંમાં પગ નહીં રાખું. સફાઈની જૂઠી જૂઠી અને ખોટી વાતો મને આવડતી નથી. મારી પાસે પ્રપંચ નહીં ચાલે. ૩૬

હું ખેડૂતનો દીકરો છું. ખેડૂતની જીભમાં મીઠાશ હોય નહીં. મારી જીભ કુહાડા જેવી છે અને મારી વાત કડવી લાગે તોપણ આપણા બેઉના હિતની છે. હું સાફ વાત પસંદ કરનારો છું. ૩૭

આ ખોળિયામાં સઘળાં દુઃખો સહન કરવાની શક્તિ છે. ૩૮

હું બધી કરામતો જાણું છું. જરૂર પડે ત્યારે સામો માણસ સળગી ઊઠે એવા આકરા શબ્દો સંભળાવતાં મને આવડે છે. પણ એમ કરવામાં આપણો હેતુ સરતો ન હોય ત્યારે ચાહે તેટલા ખરાખોટા બાતમીદારો અને રિપોર્ટરો બેઠા હોય તે છતાં તેમની જાળમાંથી બહાર રહેતાં પણ મને આવડે છે. ૩૯

હું જાહેર કામ કરતાં શીખ્યો હોઉં તો મહાત્મા ગાંધીજી પાસેથી શીખ્યો છું. ૪૦

આપણા વિરોધીઓનો મને ડર નથી. આ સમર્થ સરકારથી પણ હું ડરતો નથી. પણ હું આપણી પોતાની નબળાઈઓનો વિચાર કરું છું. જો આપણે પ્રસંગને અનુસરીને નહીં વર્તીએ અને આપણી અંગત મહત્ત્વાકાંક્ષાઓને દેશના સર્વસામાન્ય હિત આગળ ગૌણ નહીં ગણીએ તો આપણે આ જીતની બાજી હારી બેસીશું. ૪૧

તૂટીફૂટી હિંદુસ્તાનીથી મારું ગાડું ગબડે છે. ૪૨

હું તો સીધોસાદો આદમી છું. ૪૩

તમને ખબર છે કે હું ન્યાતજાતના વાડાની બહાર નીકળી ગયેલો માણસ છું. એટલે કોમી માણસ તરીકે તમે મારું સ્વાગત કરી શકો એમ નથી. મુલકનાં બંધન તોડવાની ખાતર જ્ઞાતિનાં બંધનની બહાર નીકળવું જોઈએ. ૪૪

જરૂર પડ્યે હું તમારી સાથે જ છું. હું તો લડાયક વૃત્તિનો છું. લડતનો મને શોખ છે. ૪૫

મારા જેવાને તો એક આદત થઈ પડી છે કે પગ મૂકું ત્યાંથી પાછું ના પડવું. જ્યાં પગ મૂકી પાછા ફરવું પડે ત્યાં પગ મૂકવાની મને આદત નથી. અંધારામાં ભૂસકો મારવાની મને ટેવ નથી. ૪૬

હું તો એક ભલોભોળો ખેડૂત છું અને મારી પાસે ઊંહુંનું એક જ ઓસડ છે. હું મુત્સદ્દી નથી. ૪૭

મને કેટલાક આપખુદ કહે છે. ભલે કહે, પણ મારે તો મારું કામ કરવાનું છે તે છે જ. ૪૮

હું ખેડૂત છું, ખેડૂતોનાં દુઃખ દૂર કરવા રાતદિવસ મથું છું. પણ હું ખેડૂતોને અનીતિનો પાઠ નથી શીખવતો. ૪૯

મારા જેવા સિપાઈઓને વધારે બંધનમાં નાખવા તમે માનપત્ર આપો છો. માનપત્રમાં તમે મારાં ઘણાં વખાણ કર્યાં છે. એમાં લખેલું બધું માની લઉં તો મારા પગ હવામાં અદ્ધર થઈ જાય. પણ મને તો ધરતી પર પગ મૂકવાની આદત છે. હું પાકી જમીન પર પગ મૂકું છું. ૫૦

હિંદુસ્તાનના લોકોની આદત છે કે કોઈએ થોડીક સેવા કરી એટલે તેની કદર કરવી. અમુક કપડાં પહેરવાની થોડો કોઈ સાધુ થઈ જાય છે! કોંગ્રેસમાં બધા સાધુપુરુષો નથી. માણસ જેટલા સન્માનને લાયક હોય તેટલું જ તેનું સન્માન કરવું જોઈએ, એથી વધારે ન કરવું જોઈએ. નહીં તો એને નીચે પડવાનો ડર રહે છે. જે નેતા બન્યો તેને નીચે પડવાનો ડર રહે છે. પણ હું તો સિપાઈ છું. આપણા દેશમાં એક નેતા છે. એનો હું સિપાઈ છું. આપણા દેશમાં એક નેતા છે. એનો હું સિપાઈ છું. એની સેવા કરું છું. એનો હુકમ ઉઠાવવાની બને તેટલી કોશિશ કરું છું.

માનપત્રમાં લખ્યું છે કે મેં ખેડૂતોની સેવા કરી. પણ ખેડૂત હોઈને ખેડૂતની સેવા કરી તેમાં શી મોટી વાત? ૫૧

મેં તો ગાંધીજીને કહ્યું કે તમે હુકમ કરતા હો કે, મારી પાછળ પાછળ આવો તો મને એમના ઉપર એટલી શ્રદ્ધા છે કે આંખો મીંચીને દોડું. પણ એ તો કહે છે કે મારા કહેવાથી નહીં, તમને પોતાને સૂઝ પડતી હોય તો આ માર્ગે ચાલો. હું એમની સાથે ચાલી શકું તો તમારા કોઈ કરતાં મને વધારે આનંદ થાય, પણ જેમાં મને સૂઝ ન પડતી હોય તેમાં સૂઝ પડે છે એવું મારાથી શી રીતે કહેવાય? મારે અથવા કોઈએ પણ તેમની સાથે બેઈમાની નહીં કરવી જોઈએ. ૫૨

મલીકંદામાં ભેગા થયા ત્યારે પણ મેં એ જ કહેલું કે અત્યારના સંજોગોમાં કૉંગ્રેસમાં અહિંસાનો સંપૂર્ણ પ્રયોગ કરવો શક્ય નથી. અમારી શક્તિની મર્યાદા છે. અમારી અને ગાંધીજી વચ્ચે મુલકની શક્તિના માપમાં મતભેદ છે. આ એક વ્યક્તિની વાત નથી. વ્યક્તિ તો ગમે તેટલી ઊંચે જઈ શકે, પણ આખી સંસ્થાને, આખા દેશને સાથે લઈ જવાની વાત છે. સમાજ ઉપર અત્યાચારો કરનાર પર જરૂરી હિંસા વાપર્યા વગર કામ ચલાવી શકીશું એવી મારી મતિ પહોંચતી નથી. ૫૩

હવે ફરી આપણે મળીએ કે ન પણ મળીએ. પણ હિંદના આધુનિક ઇતિહાસના ઘડતરની જવાબદારી આપણે અદા કરવાની છે. ૫૪

હિંદુસ્તાનની સ્વતંત્રતા નજરોનજર જોવાની મારી ઉમેદ છે. આંખના પલકારા જેટલી જિંદગી છે. ઈશ્વરની માયા છે. એને કોઈ પહોંચી શકતું નથી. આપણી આંખ આગળ જોઈએ છીએ કે મોટાં મોટાં સામ્રાજ્યો ઊથલી પડ્યાં, મોટા મોટા દેશો ફટફટ ઊડી ગયા. શ્રીકૃષ્ણનું વિકરાળ સ્વરૂપ ગીતાના અગિયારમા અધ્યાયમાં કહ્યું છે, તેવું થઈ રહ્યું છે. મહાત્મા ગાંધીએ સેવાનો મંત્ર આપ્યો. એ સેવાની ભરતીમાં હું દાખલ થયો અને આ ટૂંકા જીવનમાં થઈ શકે એટલી સેવા કરી. માતાને પોતાનું કાણુંકૂબડું બાળક રૂપાળું લાગે છે, એમ મારા પ્રત્યે તમારો પ્રેમ છે. માનપત્રમાં વર્ણવેલા ગુણોની તો આયુષ્ય પૂરું થાય ત્યારે ખબર પડે. સન્માન મેળવવાને યોગ્ય હોય તે માણસ દરેક જગ્યાએ સન્માન મેળવે છે, પણ પોતાના જન્મસ્થાનમાં (કરમસદમાં) સન્માન મેળવવું કઠણ છે. હું અહીંની ધૂળમાં રમેલો છું. આ (કરમસદની) માટીનો બનેલો છું. ૫૫

હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું. આખું હિંદુસ્તાન મારું ગામ છે. અઢારે વર્ણ મારાં ભાઈભાડું છે. ૫૬

મને એક અઠવાડિયું જ બ્રિટન ઉપર રાજ કરવા દો, તો ગ્રેટ બ્રિટનમાં એવા મતભેદો ઊભા કરી આપું કે ઇંગ્લેન્ડ, વેલ્સ અને

સ્કોટલૅન્ડ કાયમના ઝઘડતાં થઈ જાય છે. ૫૭

મારી પ્રશંસાની આ બધી ધમાલ જોઉં છું. ત્યારે હું ગભરાઉં છું પણ મારી સાન ઠેકાણે છે. સાઠે મારી બુદ્ધિ નાઠી નથી. માંદો તો છું, પણ ગાંધીજીની સાથે જવાની શરત કરેલી છે. મારાં કામ હજી બાકી છે, હજી સ્વરાજ આવ્યું નથી એટલે જાઉં તો ફરી આવવું પડે અને પંદરવીસ વરસ એકડેએક ઘૂંટવામાં જાય. એટલે મારી હોંશ સ્વરાજ લઈને જવાની છે. આખા હિંદુસ્તાનમાંથી શુભેચ્છાઓના તાર-સંદેશા આવ્યા છે. બધાનો જવાબ આપવાનું શક્ય નથી, પણ તમારા બધાની આશિષ ફળો એમ ઇચ્છું છું. તમે સૌએ જે પ્રેમ વરસાવ્યો તેથી મારી જબાન છૂટતી નથી. ૫૮

આપણને (અંગ્રેજો) કહે છે કે, તમે એક થઈને આવો, પણ એમાં તમે નવું શું કહો છો? મને ઇંગ્લેન્ડનું રાજ્ય દસ દિવસ આપો તો એવું કરી દઉં કે વરસો સુધી ઇંગ્લેન્ડ, વેલ્સ, સ્કોટલૅન્ડ બધાં લડે અને એક ન થાય. ૫૯

ગાંધીજી આવ્યા ત્યારથી એમના સહવાસથી મેં મારું જીવન બદલી નાખ્યું છે. ૬૦

હું તો ગાંધીજીનાં ટોળાંમાંનો એક. અમે એટલા ભાગ્યશાળી કે અમે અમારું કામ પરિપૂર્ણ થવા આવેલું જોવા પામ્યા છીએ. ૬૧

હું કોઈ વ્યક્તિનો દુશ્મન નથી. મારે કોઈ ધનપતિ સાથે વિરોધ છે એમ નથી. મૂડી સંચય કરવાની રૂઢિ-મૂડીવાદ – એની સામે મારો વિરોધ છે ખરો. જેની પાસે ધન પડ્યું છે ને જે ધન ભેળું કરે છે તે સમાજહિતને માટે વાપરે અને સમાજમાં સૌનું ભલું થાય તે જોવાનું આપણું કર્તવ્ય છે. ૬૨

હું ઘણાં રાજ્યો સાથે લડ્યો છું, અને લોકોને લડાવ્યા છે. પણ આજે બીજો સૂર કાઢું છું, કારણ અત્યારે મહાસાગરમાં મંથન ચાલી રહ્યું છે, તેમાંથી રતન કાઢવાનું છે. ગોરસ વલોવી એમાંથી માખણ કાઢવાને બદલે વલોવ્યાં જ કરીએ તો ગોરસી ફૂટી જાય અને ફૂવડ ગણાઈએ. ૬૩

તમારો (દિલ્હીના ગુજરાતીઓનો) મારી ઉપર પ્રેમ છે એ ઠીક છે. પણ તમે ગુણગાન કરો છો એ બધું માનું તો ગાંડો થઈ જાઉં. મને સિત્તેર થયાં છે પણ બુદ્ધિ ઠેકાણે છે. હું પોતે જાણું છું કે હું ક્યાં છું? ૬૪

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ થી ચાલુ)

થશે! વાત સાચી છે. તેનો ઉપાય પણ સહેલો છે. અમુક ઉંમરે, મા કે બાપે આ બાબતની સમજણ બાળકને આપવી જોઈએ અથવા કોઈ સાચા શિક્ષક કે જાણકાર મિત્ર મારફત અપાવવી જોઈએ.

એવાં દંપતીનો પણ મને પરિચય છે કે જેમણે ગર્ભાધાન પછી માના દેખાવમાં થતા ફેરફારો અને તેનાં કારણો અમુક ભાષામાં બાળક સાથે ચર્ચીને તેને ''જીવનશાસ્ત્ર''નો પ્રાથમિક પાઠ આપ્યો છે. અને ગર્ભના વિકાસની પ્રક્રિયા સમજાવવા કૉલેજના મ્યુઝિયમમાં જઈ ગર્ભની જુદી જુદી સ્થિતિ સમજાવી છે. એમના એ બાળકની ઉંમર, આજે ૧૦ થી ૧૧ જેટલી છે. એ બાળકમાં આ અંગે કોઈ પરવરઝન - વિકૃતિ - આવેલ નથી. દેખાવાનો સંભવ નથી. જેને મા-બાપ થવું છે, નીવડે તેવાં હોનહાર બાળકો જોઈએ છે, તેણે આવા પ્રશ્નોમાં સવેળા ઊંડા ઊતરવું જ જોઈએ.

# તમારે હીરો બનવું છે?

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

'હીરો' એટલે કીંમતીમાં કીંમતી પદાર્થ. હીરા માટે લોકો તલપાપડ હોય છે. દુનિયાના મોટાભાગના વ્યક્તિઓ જીવનમાં હીરો મેળવવા મથ્યા કરતા હોય છે. હીરાની કિંમત લાખો-કરોડો રૂપિયામાં થાય છે. આપણને પણ હીરા જેવા થવાની ઇચ્છા થાય. પણ હીરા જેવા થવા શું કરવું પડે? તેનો વિચાર માત્ર ન કર્યો હોય તો હીરો બની શકાય ખરું? તમારે હીરો બનવું છે? તો હવે વાંચો.

એક વખતે એક નાનકડો છોકરો તેના ગુરુ પાસે ચળકતો પથ્થર લઈને ગયો. ગુરુને પથ્થર બતાવી કહેવા લાગ્યો, 'ગુરુજી, મારે આ પથ્થર જેવા ચળકતા થવું છે! ગુરુએ કહ્યું, 'ચળકતા થવા માટે શું કરવું પડે તેની ખબર છે ખરી? છોકરાએ કહ્યું, 'ગુરુજી, તેની ખબર નથી તેથી તો તમારી પાસે આવ્યો છું. મને માર્ગ બતાવો. મારા માર્ગદર્શક બનો. મને તે માર્ગે દોરી જાવ.' ગુરુએ છોકરાની તત્પરતા જોઈ, તેના હાથમાં રહેલો પથ્થર માંગ્યો. છોકરાએ તે પથ્થર આપ્યો. ગુરુએ કહ્યું, 'આ તો કીંમતી પથ્થર છે. હીરો છે. તારે હીરો બનવું છે. તો સાંભળ, તે કામ કોઈ ઢીલા પોચાનું નથી. કારણ હીરો બનવા માટે ઘણી તપસ્યા કરવી પડે. ઘણી મહેનત કરવી પડે. આ પથ્થર તારા હાથમાં છે, તે પથ્થર હજારો વર્ષો સુધી પૃથ્વીના ઊંડા પેટાળમાં દબાણ સહન કરતો રહ્યો હતો. દબાણ એટલે ઘસાઈને ધૂળ થઈ જવાય તેવું દબાણ. આવા દબાણમાં એક-બે દિવસ નહીં હજારો વર્ષ સુધી તે ભીંસાતો-પિસાતો રહ્યો હતો. આ ગાળા દરમ્યાન તેણે ઊંચામાં ઊંચી ડિગ્રીની ગરમીમાં શેકાતા રહેવું પડ્યું હતું. આમ 'હીરો' ઘણા દબાણને કારણે એટલો નક્કર બની ગયો હતો કે લોખંડ પણ તેને કાપી ન શકે. વળી ગરમીને કારણે તે મેલરહિત - શુદ્ધ ચમકતો બન્યો હતો. આ ઉપરાંત તેને ખાણમાંથી કાઢવામાં આવ્યો ત્યારે તે સામાન્ય પથ્થર જેવો જ લાગતો હતો. કદાચ તે સમયે તે સામાન્ય માણસના હાથમાં ગયો હોત તો તે માણસે સામાન્ય પથ્થર સમજીને ફેંકી દીધો હોત. પણ ઝવેરી પાસે જવાનું તેને મળ્યું. ઝવેરીએ તેને પારખ્યો. તેની ઉપર પાસા પાડ્યા. ત્રણ, નવ, બાર, સોળ એવા ઘણા પાસા પાડવામાં આવે. આ કાળ દરમ્યાન તેને ટાંકણાના ઘા સહન કરવા પડે. ટાંકણાના ઘા સહન કરી તેણે તેના પર પહેલ પાડવા માટે પણ ઘસરકા સહન કરવા પડ્યા ત્યારે તે ચળકતો-આકર્ષક બન્યો. તારામાં પણ દબાણ સહન કરવાની, ગરમી સહન કરવાની ટાંકણાના ઘા સહન કરવાની શક્તિ છે ખરી? જો તારામાં આ હોય તો જ તું હીરો બની શકે.''

આ વાતનો સાર સાંભળી છોકરો વિચારમાં પડી ગયો. ગુરુએ થોડી વાર પછી તેને ઢંઢોળ્યો. તે સફાળો બોલી ઊઠ્યો, 'ગુરુજી, હીરો તો ઊંડા પેટાળમાં હતો તેથી તેને દબાણ સહન કરવું

પડ્યું. જ્યારે હું તો પૃથ્વી પર છું. મારે કયા દબાણો સહન કરવા પડે. ગુરુએ કહ્યું, 'ભાઈ, પૃથ્વી ઉપરના દબાણો તો ભયંકરમાં ભયંકર છે. જેમાં આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, વૈયક્તિક, કૌટુંબિક, વગેરે જેવા દબાણો છે. આ દબાણોમાં તમે ઝૂકી ગયા તો હીરો બની રહ્યા! આ દબાણોની વચ્ચે તારા વ્યક્તિત્વને તિરાડ ન પડે તેની કાળજી રાખી હીરાની જેમ નક્કરતા કેળવવી પડે. તને ખ્યાલ જ હશે કે રાણા પ્રતાપ કારમી ગરીબાઈ અને રાજકીય દબાણમાં પણ અડગતા કેળવી, ઘાસનો રોટલો ખાઈ, મોગલ બાદશાહ અકબરનો વિરોધ કરેલો. ત્યારે તે મહાન ગણાય છે. તેવા 'હીરો' આપણા દેશમાં ઘણા થઈ ગયા. જેમાં બાબાસાહેબ આંબેડકર, લાલ બહાદુર શાસ્ત્રી, સરદાર પટેલ, ગાંધીજી જેવા અનેકના નામ ગણાવી શકાય.

છોકરાએ ગુરુની વાત સાંભળતા સાંભળતા વચ્ચે પ્રશ્ન કર્યો કે, 'ગુરુજી, તમારી વાત તો સાચી પણ આ દબાણ ઉપરાંત ગરમીની જે વાત છે તે સમજાતી નથી.' ગુરુ કહે, 'પૃથ્વી પર સૂર્યની ગરમી પડે છે. તે ગરમીમાં કોઈ વ્યક્તિને બે-ચાર કલાક ઊભો રાખવામાં આવે તો શું થાય? છોકરો કહે, 'ગુરુજી, તે વ્યક્તિના શરીરે બળતરા થાય. હમણાં શરીર સળગી ઊઠશે તેમ થયા કરે.' ગુરુ કહે, 'કેરીની મધુરતા પાછળ ગરમી જવાબદાર છે. કેરી ઉનાળાની સખત ગરમી, ઊના ઊના લૂના વાયરા, લબલબ કરતી લૂમાં શેકાતી રહે, ત્રાહિ ત્રાહિ પુકારતી રહે, ત્યારે તે મીઠી થાય છે. તેવી જ રીતે વ્યક્તિએ પણ આ પૃથ્વી પર રહી દુઃખો રૂપી ગરમી સહન કરવી પડે છે. બધું પૃથ્વી પર છે ખરું પણ તૈયાર મળી જતું નથી. હીરો બનનારે ચળકાટ મેળવવા સખત પરિશ્રમ કરવો પડે છે. અનેક સમસ્યાઓ સુલઝાવી પડે છે. અનેક પ્રકારના સમાધાનો કરવા પડે છે. અનુકૂલનો સાધવા પડે છે. આ બધી બાબતો ગરમીમાં આવે છે. આ બધાં પ્રકારની ગરમી સહન કરે તે જ હીરો બને. ઉષ્ણતામાં શેકાયા વિના જીવન તેજસ્વી બનતું નથી. જેમ બલ્બમાં થોડા વોલ્ટેજ વધતાં તેનું ફિલામેન્ટ ઊડી જાય છે. તેમ જો વ્યક્તિનું ફિલામેન્ટ પણ થોડાક વોલ્ટેજ વધતાં ઊડી જાય તો તે હીરોને બદલે ઝીરો બની જાય છે. જે વ્યક્તિ ગમે તેટલા વોલ્ટેજમાં પણ પોતાના ફિલામેન્ટને આંચ આવવા ન દે તે જ હીરો બની શકે છે. છોકરો ગુરુની વાત સાંભળી બૂમ પાડી ઊઠ્યો, ''હીરો બનવું સહેલું નથી. કસોકસની લડાઈ ખેલવી પડશે. ગુરુજી, ગમે તેટલા દબાણો આવે, ગમે તેટલી ગરમી સહન કરવી પડે, ટાંકણાનો માર સહન કરવો પડે છતાં હું હીરો બનીશ જ.''

તમારે હીરો બનવું છે. તો છોકરાની જેમ પ્રતિજ્ઞા લઈ, મંડી પડો, દબાણો, ગરમી, ટાંકણાનો માર સહન કરતાં પાછા ન પડો તો જરૂર તમે પણ હીરો બની શકશો.

❀ ❀ ❀

સરદાર વલ્લભભાઈ નેતા બન્યા ત્યારથી અત્યંત સાદાઈથી રહેતા હતા. ખેડૂતોની બોલીમાં તેઓ બોલે છે ત્યારે તેમની આંખો અંગારાની જેમ ચળકે છે. વિરોધીઓને બાળી નાંખે એવી એમની ધગધગતી વાણી શ્રોતાવર્ગમાંથી વીરો ઉત્પન્ન કરે છે.

**- મહાદેવભાઈ દેસાઈ**

❀ ❀ ❀

# રઘુભાઈની ન્યાયસભા

- અશોક સોમપુરા

કોર્ટની કાર્યવાહી ચાલતી હતી.

ન્યાયધીશે પોતાનો ચુકાદો જણાવતા કહ્યું.

જજ બોલ્યા : ''આ ભૂલ કરનારને શાળાના સમગ્ર પરિસરની સફાઈ કરવાનું, ભૂલ સુધારણા કાર્ય કરવાનું કહેવામાં આવે છે.''

જી - નામદાર સાહેબ. અને કોર્ટ પૂરી થઈ.

શિક્ષણ દ્વારા રાષ્ટ્ર ઘડતર કરવાના મનસૂબા સાથે અમદાવાદના પૂર્વ એવા ગરીબ વિસ્તારની શાળાનું સુકાન હાથમાં લઈ રઘુભાઈ એ નાગરિકોના ઉત્તમ ઘડતર માટે સમગ્ર જીવનપર્યંત શિક્ષણકાર્ય કર્યું. એથી જ તો એ સર્વશ્રેષ્ઠ શિક્ષક અને પદ્મશ્રીનો એવોર્ડ પ્રાપ્ત કરી શક્યા. શિક્ષણમાં નૂતન પ્રયોગો કરવાના આગ્રહી રઘુભાઈ એ અનેક નવતર પ્રયોગો કરી, તેમાં સફળતા મેળવી, અને શિક્ષણ જગતને નવી દિશા આપી.

આવો, આજે આપણે તેમના શિક્ષણ વિશેના અનેક નવતર પ્રયોગની વાત કરીએ. એ વાત છે, તેમની ન્યાયસભાની. રઘુભાઈએ શાળામાં ન્યાયસભાનો એક નવતર પ્રયોગ આદરેલો. એ મુજબ શાળાનો જ વિદ્યાર્થી ન્યાયાધીશ બને વકીલ બને. વર્ગના પ્રતિનિધિ અશિસ્ત કરનાર વિદ્યાર્થીઓને ન્યાયાધીશ સમક્ષ હાજર કરે. તોફાની વિદ્યાર્થીએ કરેલ ગેરવર્તણૂક અને તેની ભૂલોનું વર્ણન ન્યાયાધીશ આગળ કરવામાં આવે. ન્યાયાધીશ તે માટેનો યોગ્ય ચૂકાદો આપીને ભૂલ કરનાર વિદ્યાર્થીને ભૂલ સુધારવા માટે કહેવામાં આવે. પછી તે વિદ્યાર્થીએ તેનું પાલન કરવાનું રહે.

ખાસ કરીને ભૂલ કરનાર વિદ્યાર્થીઓને સફાઈનું તેમજ વધારે ભૂલ કરનારને ટોઈલેટ અથવા મેદાન સાફ કરવાનું કાર્ય પણ સોંપવામાં આવતું. આ ન્યાયસભામાં ક્યારેક કોઈ ભારે મૂંઝવણ પણ ઊભી થતી. જેમ કે વર્ગનો વિદ્યાર્થીસમૂહ, વર્ગના પ્રતિનિધિની વિરુદ્ધમાં જઈને તેને દૂર કરવાની માંગણી કરતો. તો વળી ક્યારેક શાળાના બધા જ વિદ્યાર્થીઓ દ્વારા મહામંત્રીને પદભ્રષ્ટ કરવાની માંગણી ઊઠતી. આવા કપરા સમયે વિદ્યાર્થી ન્યાયાધીશ મૂંઝાઈ જતા. એ વખતે રઘુભાઈ દરમિયાનગીરી કરીને બન્ને પક્ષને સંતોષ થાય તેવો ઉકેલ આપતા.

આ ન્યાયસભા દ્વારા રઘુભાઈ વિદ્યાર્થીઓને શિસ્તમાં લાવવા માટે અને શિસ્તનું મહત્ત્વ સમજે તેવી સમજણ આડકતરી રીતે આપતા.

આવી હતી, રઘુભાઈની ન્યાયસભા.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

તેનો યુનિવર્સિટીઓએ ફરજિયાત અમલ કરવાનો રહેશે. આ સિવાય ડીનની મુદત જે પાંચ વર્ષની કરવામાં આવી હતી તે ત્રણ વર્ષની કરવામાં આવી છે. આ સાથે યુનિવર્સિટીઓએ ખાનગી કોર્સ માટે ફરજિયાત ફી રેગ્યુલર કમિટી FRC નીમવી પડશે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**વિદ્યાર્થી સંખ્યા શૂન્ય થતા શહેરની ૨૫ ખાનગી શાળાઓ બંધ કરવામાં આવી :**

ગુજરાત બોર્ડની અમદાવાદ શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓ નથી. તેમજ જે ખાનગી પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને ઝીરો થઈ ગઈ છે, તે શાળાઓ બંધ કરવાનો અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી માધ્યમની, હિન્દી માધ્યમની અને અંગ્રેજી માધ્યમની પ્રાયમરીથી માંડીને માધ્યમિક સુધીની શાળાઓ છે. બંધ કરવામાં આવેલી આ ૨૫ શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા ઝીરો થઈ ગઈ હતી. જેથી આ શાળાઓ બંધ કરવામાં આવી છે.

**પ્રાથમિક શાળામાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી લેવામાં આવશે :**

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓની સામયિક મૂલ્યાંકન કસોટી અને સત્રાંત પરીક્ષાની તારીખ જાહેર થઈ છે. તે મુજબ ૧૭ ઓક્ટોબરથી પ્રથમ સત્રાંત પરીક્ષા અને સાત ૭ એપ્રિલ ૨૦૨૫થી બીજી સત્રાંત એટલે કે વાર્ષિક પરીક્ષા શરૂ થશે. આ સિવાય બન્ને સત્રમાં મળીને કુલ ૧૪ દિવસ સામયિક મૂલ્યાંકન થશે. દ્વિતીય સત્રમાં ૨૧ ડિસેમ્બર તેમજ જાન્યુઆરીમાં ૪ અને ૧૮ તારીખે, ફેબ્રુઆરીમાં ૧ અને ૧૫ તારીખે અને માર્ચ મહિનામાં ૧ અને ૧૫ માર્ચના રોજ પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવશે.

**ધોરણ-૯ થી ૧૨ની નવી ૧૬૨ સરકારી શાળાઓ શરૂ થશે. નવી ૫૬૫ જગ્યા મંજૂર થઈ:**

સરકારે ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં નવી સરકારી માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કરેલી જોગવાઈ બાદ અંતે શિક્ષણ વિભાગ દ્વારા વિધિવત્ રીતે મંજૂરીનો ઠરાવ કરી દેવામાં આવ્યો છે. જે મુજબ રાજ્યમાં ધોરણ-૯ થી ૧૨ની નવી ૧૬૨ સરકારી શાળાઓ શરૂ કરવામાં આવશે. જેમાં ૫૬૫ જગ્યાઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે. બિનઆદિજાતિ વિસ્તારમાં ૧૩૦ અને આદિજાતિ વિસ્તારમાં ૬૨ શાળા શરૂ કરવામાં આવશે.

**અમદાવાદ ગ્રામ્યમાં માધ્યમિકની ત્રણ શાળા શરૂ થશે.**

સરકાર દ્વારા રાજ્યમાં જે નવી ૧૬૨ સરકારી શાળાઓ શરૂ થનાર છે. તેમાં અમદાવાદ ગ્રામ્યમાં ત્રણ માધ્યમિક શાળા શરૂ થશે. જેમાં વિરમગામ તાલુકામાં ઝેઝરા

ગામમાં, ધંધુકાના રોજકા અને ગુંજાર ગામમાં આ સરકારી શાળાઓ શરૂ થશે. બિનઆદિજાતિ વિસ્તારમાં સરકારી માધ્યમિક શાળાઓમાં સૌથી વધુ કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના ગામોમાં નવી શાળાઓ શરૂ થશે.

**યુનિવર્સિટીઓ હવે વર્ષમાં બે વાર પ્રવેશ આપી શકશે :**

વિદેશની યુનિવર્સિટીઓની જેમ હવે ભારતની યુનિવર્સિટીઓમાં પણ વર્ષમાં બે વાર વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે. ભારત સરકારે પણ દેશની યુનિવર્સિટીઓ માટે દ્વિ-પ્રવેશ પદ્ધતિ સ્વીકારી છે. આ મુજબ યુનિવર્સિટીઓને જુલાઈ-ઑગસ્ટ બાદ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પ્રવેશ આપવા માટે મંજૂરી અપાઈ છે. આ નિર્ણયથી દેશના લાખો વિદ્યાર્થીઓને ફાયદો થશે. જો કે યુજીસીના જણાવ્યા મુજબ આ પદ્ધતિ યુનિવર્સિટીઓએ સ્વીકારવી ફરજિયાત નથી.

**ભિક્ષાવૃત્તિ છોડી ૧૪૪ બાળકો સિગ્નલ શાળામાં શિક્ષણ લેશે.**

કેટલાક ગરીબ બાળકો એવા હોય છે જે ક્યારેય શાળાનું પગથિયું ચડ્યા નથી. આવા બાળકો માટે ભિક્ષા નહીં શિક્ષા અભિયાન અંતર્ગત શરૂ કરાયેલી સિગ્નલ શાળામાં આ વર્ષે ૧૪૪ બાળકોએ પ્રવેશ મેળવી લીધો છે. બાળકોને ભિક્ષાવૃત્તિ છોડાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા શરૂ કરાયેલી સિગ્નલ શાળાઓનો પાલડીના ટાગોર હોલમાં ચોથો પ્રવેશોત્સવ યોજાયો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં આશરે ૫૦૦ બાળકો શહેરની સિગ્નલ શાળાઓમાં શિક્ષણ મેળવવા જોડાયા છે. આ વર્ષે ચોથા પ્રવેશોત્સવમાં ગુજરાત હાઈકોર્ટના ચીઝ જસ્ટિસ, કારોબારી અધ્યક્ષ સિનિયર જસ્ટીસ, મેયર વગેરેની હાજરીમાં ૧૪૪ બાળકોએ સિગ્નલ શાળામાં પ્રવેશ લીધો હતો. તેમને શૈક્ષણિક હેલ્થ કિટ તથા ગણવેશનું વિતરણ કરાયું હતું. આ દરમિયાન બાળકોને દરરોજ શાળાએ મોકલવા અને ભિક્ષાવૃત્તિ ન કરાવવા વાલીઓને સમજ અપાઈ હતી.

**ટેક્નિકલ કૉલેજો કાઉન્સિલની મંજૂરી વિના વોકેશનલ કોર્સિસ શરૂ કરી શકશે :**

ટેક્નિકલ કૉલેજોનું રેગ્યુલેશન કરતી ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન એટલે કે એઆઈસીટીઈ દ્વારા અગાઉ બેચેલર ઓફ વોકેશનલ અને ડિપ્લોમા ઈન વોકેશનલ કોર્સિસની મંજૂરી આપવામાં આવતી હતી. પરંતુ નવા નિયમોમાં - એઆઈસીટીઈ દ્વારા મંજૂરીની જોગવાઈ દૂર કરી દેવાઈ છે. હવે એઆઈસીટીઈની મંજૂરી વિના કોઈપણ ટેક્નિકલ કૉલેજ વોકેશનલ કોર્સ શરૂ કરી શકશે.

**સરકારી યુનિવિર્સિટીઓ મારફતે હવે સરકાર કોમન અભ્યાસક્રમ લાગુ પાડશે :**

ગુજરાતની ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં લાગુ કરેલા કોમન એક્ટના ભાગરૂપે સરકાર દ્વારા તમામ સુધારા સાથેના કોમન મોડેલ સ્ટેટચ્યૂસ જાહેર કરાયા છે. તેમાં જે નવા ફેરફાર કરવામાં આવ્યા છે તે મુજબ તમામ સરકારી યુનિવર્સિટીઓ માટે હવે વિવિધ વિષયોના કોમન અભ્યાસક્રમ નક્કી કરાશે અને

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં શિક્ષકદિન, કાવ્ય ગાન, વૃક્ષારોપણ તેમજ વિદ્યાર્થીઓના હિમોગ્લોબિન ટેસ્ટ જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**















ઘરશાળા
ઓક્ટોબર - ૨૦૨૪

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું